કરણી તેવી પાર ઉતરણી.

મર્હુમ મિ. જેમ્સ એલનના As a Man Thinketh નો
તરજુમો.

કર્ત્તા,

જાદવરાય હુકુમતરાય ઠાકોર.

પ્રકાશક.

વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર, બી. એ.,

આવૃત્તિ પહેલી. નકલ ૧૦૦૦.

કીંમત રૂ. ૦-૪-૦.

મુદ્રક
કે. એમ. ઠાકોર,
પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્ક્સ
ખાડીયા, જેઠાભાઈની પોળ,
અમદાવાદ.

પ્રસ્તાવના.

उद्धरेदात्मनात्मानम् ।

આ નાની ચોપડીને મોટી પ્રસ્તાવનાની જરૂર નથી. મહાત્મા જેમ્સ એલનની એ એક પ્રસાદી છે. જેમણે એમની આધ્યાત્મિક પુષ્પમાળા વાંચી હશે, જેઓ શાંત ને સરળ જીવન ગાળતા હશે તેઓ એ મહાત્માના હાથે પીરસાતો ઉત્તમ રસ ઝીલી શકશે.

As a Man Thinketh નામના પુસ્તકનો આ તરજુમો છે. મનુષ્ય જેવું કરે તેવું પામે, વાવે તેવું લણે, બોલે તેવો જ તેનો સામો પડઘો આવે એ સૃષ્ટિનો નિયમ છે. કર્મ અને પુનર્જન્મના નિયમો સમજનાર તો આ બહુ સારી રીતે સમજે છે. As a Man Thinketh નો અર્થ "મનુષ્ય જેવા વિચાર કરે તેવો તે થાય" એ છે. સારા વિચાર કરે તો ઉન્નતિ પામે, ખરાબ વિચારથી અધોગતિએ પહોંચે. તેથી સારા વિચાર કરતા રહી, ઉંચી ભૂમિકાએ પહોંચી મોક્ષ મેળવવો એવો ગ્રંથકર્તાનો આશય હોવાથી આ પુસ્તકનું નામ "કરણી તેવી પાર ઉતરણી" રાખ્યું છે.

પુસ્તકનો વિષય આધ્યાત્મિક છે, તોપણ ગ્રંથકર્તાએ તે એવા સરળ સ્વરૂપમાં મુક્યો છે કે સાધારણ મનુષ્ય પણ સમજી શકે. એનો તરજુમો બની તેટલી સાદી ભાષામાં આપવા મારા વડિલ મુ. જાદવરાયજીએ પ્રયત્ન કર્યો છે. ભાષા તેવી ન સચવાઈ હોય અગર બીજી કાંઇ ભૂલો રહી ગઈ હોય તો તે સંબંધી ઘટતી સૂચના કરવા સુજ્ઞ વાંચનારને વિનંતિ છે. બીજી આવૃત્તિ વેળા તે સૂચનાઓનો પુરતો અમલ કરીશું.

આ તરજુમો કરવાની પરવાનગી તા. ૬ જુન ૧૯૧૬ ના રોજ શ્રીમતી લીલી એલને કૃપા કરી અમને આપી હતી, પરંતુ તેનો લાભ આજ સુધી લઇ શકાયો ન હતો. તરજુમો ગુજરાતી વાંચનાર પ્રજાને પસંદ પડશે તો મહાત્મા એલનના બીજાં ઉત્તમ પુસ્તકો બનતી ત્વરાએ પ્રસિદ્ધ કરવા અમારી ઇચ્છા છે.

મારા વડિલ મુ. જાદવરાયજી હકુમતરાયજીએ આ તરજુમો તૈયાર કરી તેનો કુલ નફો શ્રી સુરત મહિલા વિદ્યાલય શિક્ષણ સેવિકા ફંડમાં આપી દેવા પોતાની ખુશી દર્શાવી છે. એટલે પુસ્તકની પ્રસિદ્ધિથી કર્તાને કે પ્રકાશકને કોઇ રીતનો અંગત લાભ નથી.

તા. ૬ મે. ૧૯૨૦

લી.
પ્રકાશક.

કરણી તેવી પાર ઉતરણી.

વિચાર અને વર્તન.

" વિચાર તેવું વર્તન " એ કહેવત પ્રમાણે મનુષ્ય જેવા વિચાર પોતાના મનમાં કરી આચરણ કરે છે, તેવો તે થાય છે. મનુષ્ય રૂપે તે જન્મે છે, તે દરમીયાનના તેના એક જન્મ ઉપર તેની અસર થાય છે, એટલું જ નહીં પરંતુ આ સૃષ્ટિમાં તેના અનેક જન્માન્તરોની દરેક સ્થિતિ તથા સંજોગો સુધી તે અસર લંબાય છે. મનુષ્યનો સ્વભાવ, તેના સઘળા વિચારોના સમૂહમાંથી ઘડાતો હોવાથી, જેવા વિચાર તે કરે છે તેવો તે થાય છે.

જેમ બીઆમાંથી છોડ ઉગી નીકળે છે, તે વગર ઉગતો નથી, તેમ મનુષ્યનું દરેક કાર્ય તેના વિચારરૂપી ગુપ્ત બીઆમાંથી ઉદ્દ્ભવે છે, તે સિવાય તેનો ઉદ્દ્ભવ થઇ શકે નહીં. જે કાર્યો બુદ્ધિપૂર્વક કર્યાં હોય તેને જેમ આ વાત લાગુ પડે છે તેજ પ્રમાણે જે કાર્યો જં-ગલી છોડની માફક " આપો આપ ઉગેલાં " હોય તથા " અણધાર્યાં " હોય (ખ્યાલમાં નહીં હોય) તેને પણ લાગુ પડે છે.

કાર્ય એ સંસારરૂપી ફૂલ, અને સુખ દુઃખ તેનાં ફળ છે; તેથી મનુષ્ય પોતાના વાવેતરનાં ફળ, મીઠાં અથવા કડવાં મેળવે છે.

મનમાં કરેલા વિચારથી આપણું ભાવી ઘડાયું છે. વિચારથી આપણું ભાવી બંધાયું તેવી સ્થિતિમાં આપણે જન્મ્યા છીએ. બ-ળદ આગળ ચાલે તેની પૂઠે ગાડાનું પૈડું ફરે જાય છે; તેજ પ્રમાણે

જે કોઇ મનુષ્ય દુષ્ટ વિચાર કરે તેની પૂંઠે દુઃખ આવે છે. વખતે નિર્દોષ વિચાર કરનારને દુઃખ સહન કરવું પડે, પણ અંતે તો, તેના પડછાયાની માફક તેને આનંદ આવી મળે છે.

મનુષ્યજાતિ એ પ્રપંચની ઉત્પત્તિ નથી, એ તો સૃષ્ટિના નિયમને અનુસરી જન્મ પામી છે, અને સ્થૂળ તથા દૃશ્ય વસ્તુઓના સંબંધમાં જેવી રીતે કારણ અને પરિણામનો નિયમ લાગુ પડે છે તેજ ધોરણને અનુસરી ગુપ્ત કરેલા વિચારોનાં કારણ અને પરિણામ, ચોક્સ અને અચૂક હોય છે. અમીરી અને દિવ્ય જીવનમાં કૃપા અથવા દૈવયોગ જેવું કંઇ નથી; એ તો સત્ય વિચાર સતત ચાલુ રાખ્યાનું સ્વાભાવિક પરિણામ અને નિર્દોષ વિચારોના સત્સંગમાં લાંબો વખત રહ્યાનું ફળ છે. એજ પ્રમાણે હંમેશ અધમ વિચારો કર્યાનું ફળ અધમ અને વિષયી જીવન હોય છે.

મનુષ્ય પોતાનું ભાવી પોતે જ બગાડે છે અથવા સુધારે છે. વિચારરૂપી યંત્રશાળામાં તે એવાં હથિયાર બનાવે કે જેથી તેના પોતાનો જ નાશ થાય. તેવી જ રીતે તે એવાં પણ હથિયાર બનાવી શકે કે જેથી આનંદ, ક્રાંતિ અને શાંતિરૂપી સ્વર્ગીય ભુવનનાં સાહિત્યો બનાવી શકે. સત્ય વિચાર પસંદ કરી, તેનો યથાયોગ્ય ઉપયોગ થાય તો, મનુષ્ય દેવ બને, ખોટા વિચાર કરી તેવો ઉપયોગ કરે તો પશુ કરતાં પણ નીચી પંક્તિમાં ઉતરે. આ બે છેડા (એક છેડે દેવ અને બીજે છેડે પશુ એવી ઉત્તમ અને અધમ સ્થિતિ) ની વચમાં અનેક સ્વભાવના, જુદા જુદા વિચારના મનુષ્યો હોય છે, અને મનુષ્ય તેમનો કર્તા અને ભોક્તા છે.

જીવનનાં સુંદર રહસ્યો જે સઘળાં આ જમાનામાં સજીવન કરી પ્રસિદ્ધિમાં આણ્યાં છે તેમાં, મનુષ્ય પોતાના વિચાર પોતે કરવા મુ-

ખત્યાર છે, પોતાના જીવતરનો ઘડનાર પોતે છે અને પોતાની સ્થિતિ, સંજોગ અને ભાવીનો બનાવનાર તથા રૂપ આપનાર છે, એમ વર્ણવેલું છે, તેના જેવું આનંદજનક અને મુક્તિદાયક અભયવચન અને ખાત્રીનું રહસ્ય બીજા કશામાં નથી.

મનુષ્ય દિવ્ય શક્તિવાળો, બુદ્ધિવાળો અને પ્રેમી હોવાથી, તેમ જ પોતાના વિચારનો સ્વામી હોવાથી તેના મગજમાં દરેક દ્વારની કુંચી હોય છે. જેવી ઇચ્છા કરે તેવો થવા માટે તેનામાં રૂપ બદલવાની તથા પેદા કરવાની શક્તિ છે.

મનુષ્ય પોતાની અત્યંત નબળી સ્થિતિ અથવા અતિ દુષ્ટ સ્થિતિમાં પણ જ્યારે જોઇએ ત્યારે પોતાની જાતનો માલિક છે; પણ તે પોતાની નબળી અથવા અધમ સ્થિતિમાં એક મૂર્ખ શેઠ પોતાના ઘરનો કારભાર અવ્યવસ્થિત રીતે ચલાવે છે તેના જેવો છે. જ્યારે પોતાની સ્થિતિ સંબંધે મનન કરવા, અને કયા નિયમને અનુસરી તેનું જીવન ઘડાયું છે તે નિયમ ખોળી કાઢવા, ખંત રાખી મથે છે ત્યારે તે પોતાની શક્તિને બુદ્ધિ માર્ગે દોરી, પોતાના વિચારને ફળદાયી પરિણામ આણવા તરફ ફેરવી, વિવેકી શેઠ થાય છે. જ્ઞાની-સમજુ શેઠ આવો હોય છે. પોતાના ભીતરના વિચારનું વાસ્તવિક ધોરણ શોધી કાઢવાથી જ આવા શેઠ થવાય છે. આ શોધ ચિત્ત લગાડવાથી, દેહભાવને જૂદો પાડવાથી, (સ્વાર્થને દૂર કરવાથી) અને અનુભવ મેળવ્યાથી જ મળે છે.

ઘણી શોધ ખોળ અને ખાણ ખોધા પછી જ સોનું હીરા મળી આવે છે. તેજ પ્રમાણે મનુષ્ય જો પોતાના જીવાત્મારૂપી ખાણમાં ઉંડા ઉતરે તો પોતાના જીવનું દરેક રહસ્ય ખોળી કાઢી શકે અને જો તે પોતાના વિચારો ઉપર દેખરેખ તથા કાબુ રાખી તેનું પરિણામ પો-

-તાનાં તથા બીજાની ઉપર, તેમ જ પોતાના જીવન તથા સંજોગો ઉપર કેવું આવે છે તે જોઈ, તથા તે સાથે ધૈર્ય રાખી પોતાના વર્તન તથા શોધમાં; કારણ અને પરિણામનો આધાર લઇ, તથા "બુદ્ધિ, વિવેક અને દિવ્ય શક્તિ તે હું છું" એવું જ્ઞાન મેળવવા સારૂ પોતાને મળેલા દરેક અનુભવનો ઉપયોગ, દરરોજના છેક ક્ષુલક બનાવો સુધી કરી, પોતાના વિચાર ફેરવે, તો તે પોતાનું ભાવી પોતે જ ઘડનાર, પોતાના જીવતરને પોતે જ રૂપ આપનાર, અને પોતાનું વર્તન પોતે જ રચનાર છે એવી તેને ખાત્રી થયા વગર રહેશે નહીં. "આંબો વાવે તો તે ઉગે અને તે વેડે તો તેનો ઉપભોગ લે." એ વાતમાં નિયમ જેવો ચોક્સ છે તેવો નિયમ બીજી બાબતમાં નથી. એ નિયમને અનુસરી, ધૈર્ય રાખી સદ્ગુણ આચરી, આત્મજ્ઞાન મેળવવાનો સતત્ પ્રયાસ ચાલુ રાખવાથી જ મનુષ્યને "હું તે કોણ" એ સુંબંધી જ્ઞાન થવા માંડે છે.

સંજોગો, વિચારોને અનુસરે છે.

જેમ કોઇ બગીચાને બુદ્ધિનો ઉપયોગ કરી ફળદ્રૂપ કરી શકાય છે, અથવા તેને પડતર રાખી તેની ઉપર ઘાસચારો ઉગવા દેવામાં આવે છે, તેવી રીતે માણસના મનનો, તે બગીચા સાથે મુકાબલો કરી શકાય છે. તેને કેળવી સુધારો અથવા પડતર રહેવા દો, તોપણ તેમાં કાંઇને કાંઇ ઉગવું જોઇએ, અને ઉગશે જ. જો તેમાં ઉપયોગી બીઆં વાવવામાં નહીં આવે, તો નકામાં ઝાંખરાનાં પુષ્કળ બીઆં તેમાં પડી, તે જાતનો પાક થયાં કરશે.

જેમ કોઇ માળી પોતાની જમીન ખેડી, ઝાંખરાં કાઢી નાંખી, પોતાને મનગમતાં ફળફૂલ તેમાં વાવે છે; તેમ માણસ પોતાના મન-રૂપી વાડી ખેડી, નુકસાનકારક, નિરૂપયોગી અને ખરાબ વિચારો કાઢી નાંખી, સારાં ફળદાયક અને નિર્મળ વિચારોરૂપી ફળફૂલને પૂર્ણ ખી-લવવા ધ્યાન આપી શકે ખરો. આ રીત ચાલુ રાખવાથી, તે પોતાના જીવનક્રમનો પોતે જ સુકાની–પોતાના જીવાત્માનો પોતેજ ઉસ્તાદ માળી છે એવું તેને માલમ પડી આવશે. બીજું, વિચારનું વાસ્તવીક ધોરણ તેને પોતાના ભીતરમાં જણાયાથી, પોતાના આચરણ, સંજોગો અને ભાવીનું રૂપ ઘડવામાં વિચારબળ તથા મનની રૂપરેખા કેવું કાર્ય કરી રહ્યાં છે, તે હરવખત વધતી જતી બારીક નજરથી તે સમજતો જશે.

વિચાર અને વર્તન બન્ને એક જ છે, તેથી જેમ આસપાસના સંજોગો અને બનાવો ઉપરથી જ વર્તન દેખાઈ આવે છે, તેમ મનુ-ષ્યના જીવનની બહારની સ્થિતિ, તેની ભીતરની સ્થિતિને અનુસરતી હોવાનું હરવખત માલમ પડી આવે છે. આ ઉપરથી મનુષ્યના અ-મુક વખતના સંજોગો તેની આખી જીંદગીના આચરણનું રૂપ દર્શાવે છે એમ સમજવાનું નથી પરંતુ તે સંજોગો તેના ભીતરના પ્રાણભૂત–સજીવન-તત્વ સાથે એટલાં સજ્જડ જોડાયલાં હોય છે કે, તે વખત માટે તો તેના વિકાસ માટે તેમની ખાસ જરૂર હતી.

જન્મમરણના નિયમને અનુસરી દરેક જણ જન્મે છે, તેથી મ-નુષ્ય પોતાના ધારેલા સ્થળે અવતરે છે. તેણે પોતાના આચરણમાં જે વિચાર ઘડ્યો હોય, તેને અનુસરી તે આ જન્મમાં અવતર્યો હોય છે; કારણ, જીવાત્માની રચનામાં દૈવયોગ જેવું કાંઇ નથી, પરંતુ અ-મુક નિયમનું પરિણામ હોય છે. આસપાસના સંજોગોથી જે મનુષ્ય અસંતોષી રહે છે, તેને આ વાત લાગુ પડે છે, તેવી જ રીતે જે લોકો

તેવા સંજોગોથી બેચેન રહે છે, તેમને પણ લાગુ પડે છે.

ઉન્નતિક્રમના ધોરણે ધીમે ધીમે ઉચ્ચ પદે ચઢતા જતા જીવ તરીકે મનુષ્ય આગળ વધવાનું શીખે, તે માટે તે જ્યાં જન્મ્યો છે ત્યાં તે ઠીક છે; કારણ કોઈ પણ બનાવમાં આધ્યાત્મિક બોધ લેવાનો હોય તો તે શિખી લે છે, એટલે તે બનાવ અદશ્ય થઇ તે સ્થળે બીજા બનાવો દાખલ થાય છે.

મનુષ્ય જ્યાં સુધી પોતાને બાહ્ય સંજોગોને અનુસરી વર્તવાનું માની લે છે ત્યાં સુધી તેવા બનાવોનો માર, તે ખાયાં કરે છે; પરંતુ ઉત્પાદક **શક્તિ** તે હું છું, અને મારી પોતાની જે વસ્તુમાંથી એ બનાવો ઉત્પન્ન થાય છે તેવા વિચાર તથા કાર્ય ઉપર હું હુકમ ચલાવી શકું છું એવું જ્યારે તેના સમજવામાં આવે છે ત્યારે જ તે પોતાનો ખરેખરો ગુરૂ થાય છે.

જે મનુષ્યે મન ઉપર કેટલોક કાળ કાબુ રાખી આત્મસંયમનો પ્રયોગ કર્યો હશે, તેવો દરેક મનુષ્ય હરકોઈ બનાવો બને છે, તે તેના વિચારમાંથી જ ઉદ્ભવ્યાનું જાણતો હોવો જોઇએ; કારણ પોતાના મનની સ્થિતિ જે પ્રમાણમાં બદલાઈ તે જ પ્રમાણમાં તેના સંજોગો બદલાયાનું તેણે જોયું હશે. મનુષ્ય જ્યારે પોતાના આચરણની ખામીઓ સુધારવા તરફ ખરા મનથી મંડી જાય છે અને પવન વેગી તથા વખાણવા લાયક ઉન્નતિ–ગતિ–કરે છે ત્યારે તે ઘણી જ ઝડપથી કાળ–ચક્રના ક્રમમાંથી પસાર થઈ જાય છે એ પણ ઉપર વર્ણવ્યા જેટલું સત્ય છે.

મનુષ્ય જે માટે છૂપા વિચાર કરે છે તે, તથા જેના પર પ્રેમ રાખે છે તે, તેમજ જેનાથી બ્હીતો રહે છે તે પણ તેને આવી મળે છે. જો તે વિચાર ઉચ્ચ હોય તો પોતાની આકાંક્ષાની ટોચે પહોંચે

છે, અને નીચ હોય તો તે દોષ વાળી તૃષ્ણાની નીચે ગબડી પડે છે, તથા જીવાત્માને જે પોતાનું હોય તે જ મળે છે; તેમાં બનાવો તો સાધનભૂત થાય છે.

દરેક વિચારરૂપી બીયું મનમાં વાવ્યું અથવા દાખલ થવા દીધું એટલે તે જડ ઘાલી જે જાતનું હોય તે જાતનાં ફળ આપવા, વહેલા મોડા કાર્યરૂપે ફુલ આવી પ્રસંગ તથા સંજોગરૂપી ફળ આપવા તૈયાર થાય છે. સારા વિચારના સારાં ફળ, અને માઠા વિચારનાં માઠા ફળ, હોય છે.

આંતર વિચારને અનુસરી બાહ્ય સ્થિતિનું રૂપ ઘડાય છે. તેથી સુખદાયક યા દુઃખદાયક બાહ્ય સ્થિતિ, એક આડતીઆ-દલાલ-તરીકે કામ કરી છેવટે મનુષ્યનું ભલું જ કરે છે. પોતાના કર્મનું ફળ પોતે જ ભોગવે છે તેથી મનુષ્યને સુખ તથા દુઃખ બન્નેમાંથી શીખવાનું મળે છે.

લોભ અને આશાના વિચારોના વ્હેણમાં તણાયો જવાથી (એટલે દુષ્ટ કલ્પના રૂપી ભૂતના ભડકા પાછળ ભમી, અથવા ઉચ્ચ ગૌરવવાળા કાર્ય રૂપી ધોરી રસ્તા ઉપર હિંમતથી ચાલી) મનુષ્ય તેની સાંસારિક જંજાલમાં કર્મના કડવાં અથવા મીઠા ફળ ભોગવે છે. વાવે તેવું લણે, એ નિયમ બધે એક સરખો લાગુ છે.

દૈવયોગ અથવા સંજોગોના જુલમથી નહીં, પરંતુ અધમ વિચારો અને નીચ તૃષ્ણાને લીધે, મનુષ્ય પીઠાંમાં અથવા કેદખાનામાં જાય છે. તેજ પ્રમાણે નિર્દોષ મનવાળો મનુષ્ય ફક્ત બાહ્યશક્તિને લીધે એકાએક ગુન્હો કરતો નથી; તે ગુન્હા સંબંધી વિચાર લાંબો વખત થયાં તેના હૃદયમાં ઘોળાયા કરતો હોવો જોઇએ અને લાગ આવ્યો એટલે તે એકત્ર કરેલી શક્તિએ ગુન્હાનું રૂપ પકડ્યું.

સંજોગથી મનુષ્ય ઘડાતો નથી; તે તો તેને આવી મળે છે, દુર્ગુણ અને તેને લગતાં દુઃખ, વિષયી વાસના શિવાય આવી પડે, તેમ સદ્દગુણ તથા તેને લગતું નિર્મળ સુખ, સદ્દગુણી આકાંક્ષાના સતત પ્રયાસ શિવાય આવી મળે, એવો નિયમ છે જ નહીં. અને તે માટે મનુષ્ય પોતાનાં વિચારનો અધિકારી તથા સ્વામી હોવાથી પોતાની જાતનો ઘડનાર, અને સારો યા માઠો સંજોગ ઉત્પન્ન કરનાર છે. જીવાત્મા પોતાના પ્રથમ જન્મ વખતે તે પોતાના પૂર્ણ રૂપમાં–શિવરૂપમાં–હોય છે અને પછી, તેને આવતી કીશોર કીશોર, યુવાન અને ઘડપણ અવસ્થા દરમિયાન તેણે નીતિના અથવા અનીતિના, સદ્દગુણી અથવા દુર્ગુણી, કાર્ય સંબંધે, પૃથ્વિપરની યાત્રાના દરમ્યાન જે વિચાર કર્યા હોય તેના પ્રતિબિંબ રૂપે તેના તરફ સંજોગ–આકર્ષાય છે.

જે વસ્તુ પ્રાપ્ત કરવાની ખાસ :જરૂર છે તે તરફ મનુષ્યોની ઇચ્છા થતી નથી, પરન્તુ જેવી વાસના તેમને હોય તે તરફ તેમનાં મન આકર્ષાય છે. તેઓ તેમની ધુન, કલ્પના અને લોભમાં નિષ્ફળ જાય છે , છતાં તેમના ભીતરના વિચારો તથા ઇચ્છાઓ, સારી યા બુરી, હોય તેમને તેઓ પુષ્ટી આપતા રહે છે. જે વિધાતા આપણું ભાવી ઘડે છે, તે આપણા પોતામાં જ છે; તે આપણે જાતે જ છીએ. જીવે પોતાના હાથે બેડી વ્હોરી લીધી છે; વિચાર અને કાર્ય, એ વિધાતાના દરોગા છે. તેઓ નીચ હોવાથી બંધનમાં નાંખે છે, તેઓ મુક્તિના દૂતો પણ છે, એટલે અમીરી સ્વભાવના હોવાથી મુક્તિ અપાવે છે. મનુષ્ય જેની ઇચ્છા કરે છે અને જેને માટે યાચના કરે છે તે, તેને નહીં મળતાં, જેનો ખરેખરો સોદો કરે છે, તેજ તેને મળે છે; તેના વિચારો અને કાર્યો તેની ઇચ્છા અને યાચનાને અનુસરતાં હોય તો જ તેઓ ફળીભૂત થાય છે.

આ હકીકત ધ્યાનમાં લતા "સંજોગોની સામા થવું" એનો શું અર્થ થતો હશે વારૂ! એનો એવો અર્થ થાય છે કે, મનુષ્ય એવા સંજોગોના મૂળનું જતન પોતાના હૃદયમાં કરી, તેને સઘળી વખત પોષણ આપે છે છતાં તેના પરિણામની સામું થવા સતત પ્રયાસ કરે છે. આથી તે મૂળ જાણીતા દુર્ગુણનું અથવા અજાણ નબળાઇનું રૂપ ધારણ કરે છે. તે ગમે તેમ હો, તોપણ તે સંજોગ તેવા મનુષ્યના સઘળા પ્રયત્નોને ફળીભૂત થવા નહીં દેતાં, નિસ્ફળ કરે છે, અને તે પ્રમાણે તેને વિશ્રાંતિ માટે સારા ઇલાજ યોજવા સુચના કરે છે.

મનુષ્યો પોતાના સંજોગો સુધારવા આતુર હોય છે ખરા, પણ પોતાની જાતને (પોતાના મનને) સુધારવા નારાજ હોય છે, તેથી તેઓ બંધનમાં રહે છે. જે મનુષ્ય પોતાના દેહાભિમાનનો નાશ કરવામાં પાછો હઠતો નથી તે મનુષ્ય પોતાના મનમાં ધારેલી મતલબ પાર પાડયા શિવાય રહેતો નથી. આ હકીકત પૃથ્વિની તેમજ સ્વર્ગની બંને વાતોને સરખી રીતે લાગુ પડે છે. જે મનુષ્યનો મુખ્ય હેતુ ધન પ્રાપ્ત કરવાનો હોય તે પોતાનો ધારેલો હેતુ પાર પાડે તે પહેલાં પોતાની જાતનો મોટો ભોગ આપવા તૈયાર હોવો જોઇએ, તેજ ધોરણે જે મનુષ્યને, સદ્દગુણી અને શાંતિવાળું જીવન ગાળવું હોય તેણે કેટલો બધુ ભોગ આપવો જોઇએ વારૂ?

દાખલા તરીકે એક મનુષ્ય અતિશય કંગાલ છે, તે પોતાના સંજોગો અને સંસારી સુખમાં સુધારો કરવા અત્યંત આતુર છે. પરંતુ તે પોતાના કામ ઉપરથી બધો વખત છટકી જાય છે અને પોતાને પુરતો પગાર મળતો નથી એ કારણ આગળ ધરી તેના શેઠને છેતરવા પ્રયત્ન કરવામાં તે ખરો હોવાનું ધારે છે. આવો મનુષ્ય, ખરી રીતે આબાદ થવાના (સુખ ચેન મેળવવાના) ધોરણોનાં છેક સાધારણ તત્વો

પણ સમજતો નથી, અને તેથી પોતાની દુર્દશામાંથી છૂટવા તદ્દન નાલાયક છે એટલુંજ નહીં, પરંતુ પોતાના આળસુ, લુચ્ચાઇવાળા અને હલકા વિચારોમાં પડી રહી, તે પ્રમાણે વર્તવાથી તે પોતાની દુર્દશામાં ખરેખરો વધુ તણાયો જાય છે.

બીજો દાખલો તવંગર મનુષ્યનો લઇએ. તેને અકરાંતીઆપણે ખાવાની ટેવથી જાથુકનો દુઃખદાયક રોગ લાગુ પડયો છે, તે રોગ ટાળવા તે હજારો રૂપીઆ ખર્ચવા ખુશી છે, પરંતુ અકરાંતીઆ પણે ખાવાની આદત છોડવા રાજી નથી. તે ઘણાં મોંઘા અને પોતાની પ્રકૃતિને માફક ન આવે એવાં મિષ્ટાન્નોથી પોતાનો સ્વાદ મનમાનતો ભોગવવા ઇચ્છા રાખે છે અને તેની સાથે તંદુરસ્તી પણ જાળવવા માગે છે. શરીર તનદુરસ્ત કેમ રાખવું તેનો પહેલો પાઠ પણ તે ભણેલો ન હોવાથી, તે પોતાનું શરીર તંદુરસ્ત રાખી શકેજ નહીં.

ત્રીજો દાખલો મજુરોને કામે લગાડનાર એક શેઠનો લઇએ, તે પોતાના મજુરોની રોજી નિયમીત આપવામાં અવળા રસ્તા પકડે છે, અને વધુ લાભ મેળવવા માટે પોતાના મજુરોની રોજીમાં ઘટાડો કરે છે. આવો મનુષ્ય પૈસાદાર થવા તદ્દન નાલાયક છે. તેને જ્યારે પોતાની આબરૂ તથા પૈસા બન્ને ગુમાવ્યાનું જણાય છે ત્યારે પોતાની સ્થિતિને બગાડનાર પોતે જાતેજ છે એમ નહીં સમજી, પોતાના સંજોગોને દોષ આપે છે.

મનુષ્ય પોતાના સંજોગોનો (જો કે તે વાત અણજાણપણામાં જતી હશે તો પણ) ઘડનાર છે, અને જો કે તે પોતાની સારી ધારણા પાર પાડવા યત્ન કરે છે તોપણ, તેના જે વિચારો અને મનકામના પોતાના ધારેલા હેતુને અનુકુળ નથી, તેવા વિચારો અને મનકામનાને અનુસરવાથી, તેનો હેતુ ખરેખર બરબાદ જાય છે. આવી

વાતોનાં દ્રષ્ટાંતો માટે આ તો ફક્ત દલીલો આપી છે. આ પ્રમાણે ઘણી દલીલો જુદા જુદા રૂપમાં આપી શકાય પરંતુ તેની જરૂર નથી. કારણ, વાંચનાર જો પોતાનું મન દ્રઢ કરે તો તે પોતાના મનમાં તથા આચરણમા વિચારના વાસ્તવિક ધોરણના કાર્યનું પગલું ખોળી શકે; અને એ પ્રમાણે થાય નહીં ત્યાં સુધી બાહ્ય હકીકતોનો, અનુમાનના કારણ તરીકે ઉપયોગ કરવો ફોકટ છે.

એમ છતાં પણ સંજોગો એવા ગુંચવણ ભરેલા છે, વિચારનું મૂળ એટલું ઉંડું છે, અને દરેક મનુષ્યના સુખની સ્થિતીઓમાં એટલો બધો ફેરફાર છે કે, માણસના જીવાત્માના પૂર્ણ ચારિત્ર્ય (જો કે તે પોતાની જાણ બહાર હોય તો પણ તે) નો ન્યાય તેના ચારિત્ર્યના ફક્ત બહારના આચરણ ઉપરથી, બીજો મનુષ્ય આપી શકે નહીં. કોઇ મનુષ્ય અમુક બાબતોમાં પ્રમાણિક હોય છતાં તે દુઃખ ભોગવે છે અને બીજો મનુષ્ય અમુક બાબતોમાં અપ્રમાણિક હોય છતાં ધન મેળવે છે. આ ઉપરથી હરવખત એવા અનુમાન પર અવાય છે કે પહેલો મનુષ્ય પોતાના ખાસ પ્રમાણિકપણાને લીધે હેરાનગતી ભોગવે છે. અને તે બીજો મનુષ્ય પોતાની ખાસ લુચ્ચાઇને લીધે આબાદ થાય છે, આ અનુમાન ઉપરચોટિયા વિચારનું પરિણામ છે. જ્ઞાનમાં ઉંડા ઉતરવાથી તથા વિશાળ અનુભવથી આ વિચાર ભૂલ-ભરેલો લાગે છે, તે અપ્રમાણિક મનુષ્યમાં કેટલાક એવા ઉત્તમ ગુણો હોય કે, જે પેલા પ્રમાણિક મનુષ્યમાં હોય નહીં તે પ્રમાણિક મનુષ્યને પોતાના પ્રમાણિક વિચાર અને કાર્ય માંટે સારૂં ફળ મળે છે, તેમજ તેના દુર્ગુણોથી પેદા થતાં દુઃખો તેને ભોગવવાં પડે છે; તે અપ્રમાણિક મનુષ્યને તેજ ધોરણે સુખ દુઃખ ભોગવવાનો પ્રસંગ આવવો જોઇએ.

હરકોઇ મનુષ્ય પોતાના સારા આચરણને લીધે દુઃખ ભોગવે છે,

એ પ્રમાણે માની લેવાનું દરેક મનુષ્યને પોતાના અજ્ઞાનપણામાં ઠીક લાગે છે; પણ મનુષ્ય જ્યાં સુધી પોતાના દરેક નબળા, બીજાને દુઃખ લાગે તેવા, અને અનીતિના, વિચારને પોતાના મનમાંથી જડમૂળથી કહાડે નહીં, અને પોતાના જીવાત્મામાંથી પાપ બુદ્ધિનો ડાઘ નિર્મળ કરે નહીં ત્યાં સુધી તેના ઉપર આવતાં દુઃખ તે પોતાના દુર્ગુણોનું ફળ હોવાનું, અને પોતાના સારા વર્તનનું ફળ નહી હોવાનું, સમજી તથા કહી શકે નહી. જે દિવ્ય શક્તિ ન્યાયી હોઈ, સારાનું ફળ માઠું અને માઠાનું ફળ સારૂં, આપતી નથી તે શક્તિ સર્વોત્કૃષ્ટ પૂર્ણતા મેળવવાના, **જીવના શિવ** થવાના, માર્ગે ચાલતાં દરમ્યાન તથા તે પૂર્ણતાએ પહોચતાં ઘણા વખત અગાઉ, તેના મનમાં તથા પ્રાણમાં કાર્ય કરી રહ્યાનું તેને માલમ પડેલું હોવું જોઇએ. આવું જ્ઞાન મળ્યાથી પ્રથમ જે અજ્ઞાન અને અવિચારીપણું બતાવ્યું, તે ઉપર વિચાર કરતાં તેને જણાશે કે, તેનો જીવનક્રમ યથાસ્થિત ગોઠવાયલો છે અને પ્રથમ હતો પણ ખરો, એટલું જ નહીં પરંતુ તેને પાછલા વખતમાં સારા અથવા માઠા જે જે અનુભવો થયા, તે બધા, પોતાના જીવરૂપમાં રહેલા **શિવ–આત્માના** વાસ્તવિક કાર્યો હતા.

સારા વિચાર અને કૃત્યોથી કદી પણ માઠાં ફળ નીપજે નહીં. તેમ માઠા વિચાર અને કાર્યોથી સારાં પરિણામ આવે નહીં. "આંબો વાવવાથી મીઠાં ફળ ખાવા મળે અને બાવળીઓ વાવવાથી કાંટા બોકાય" એ કહેવત પ્રમાણે આ બરોબર છે. વનસ્પતિ સૃષ્ટિની બાબતોમાં મનુષ્યો આ નિયમ સમજે છે અને તે પ્રમાણે કાર્ય કરે છે. પરંતુ માનસિક અને પરમાર્થિક બાબતો (જેમનું કાર્ય સીધું અને સરળ છે તોપણ તે) કોઇ સમજતું નથી, તેથી તેવાં કાર્યોમાં જોડાતા નથી.

કોઇ પણ બાબતમાં કરેલા ખોટા વિચારનું પરિણામ હમેશાં દુઃખ હોય છે. મનુષ્ય પોતાના મન સાથે, જન્મ–મરણના નિયમ સાથે એક સૂર (એક રાગ) નહીં થયાનું તે નિશાન છે. દુઃખ ટાળવાનો મુખ્ય અને ઉત્તમ ઉપાય એ છે કે જે સઘળું નિરૂપયોગી અને દુષિત હોય, તે બધાને બાળી નાંખી સ્વચ્છ કરવું. નિર્દોષ મનુષ્યને દુઃખ આવતું નથી. જેમ સોનામાંથી મેલ કહાડી નાંખ્યા પછી તેને બાળવાની જરૂર રહેતી નથી, તેમ પૂર્ણરીતે નિર્મળ થયેલા અને જ્ઞાની મનુષ્યને દુઃખ આવતું નથી.

મનુષ્ય ઉપર દુઃખના સંજોગો જે આવી પડે છે, તે, તેનું મન વ્યવસ્થિત ન હોવાનું કારણ છે. તે પ્રમાણે મનુષ્યને સુખના સંજોગો, જે આવી મળે છે તે તેના યથાસ્થિત મનનું પરિણામ છે. સત્ય વિચારનું સામર્થ્ય, સ્થૂળ જાગીરો નહીં, પરંતુ સુખ આપવાનું છે. ખોટા વિચારનું સામર્થ્ય, સ્થૂળ જાગીરોનો અભાવ નહીં, પરંતુ દુઃખ આપવાનું છે. કોઇ મનુષ્ય ચંડાળ (ધીટકાર કરવા યોગ્ય) હોવ છતાં પૈસાવાળો હોય, તેમ જ બીજો મનુષ્ય સુખી પણ ગરીબ હોય. જો પૈસાનો ઉપયોગ નીતિસર અને વિવેકથી થતો હોય તો સુખ અને પૈસા સાથે આવી મળે છે, અને ગરીબ મનુષ્ય પોતાને બીજાના ઉપર ગેરવાજબી રીતે બારરૂપ હોવાનું ગણી–માની લે છે ત્યારે તે દુઃખી થાય છે.

ગરીબાઇ અને આશક્તિ એ દુઃખના બે છેડા છે. તે બંને એક સરખી રીતે કુદરતી ન હોવાથી, મન વ્યવસ્થિત ન હોવાનું પરિણામ છે. મનુષ્ય જ્યાંસુધી સુખી, તંદુરસ્ત અને યશસ્વી ન હોય ત્યાંસુધી, તેનું મન વ્યવસ્થિત કહેવાય નહીં. કારણ જીવાત્માનાં આંતર અને બાહ્ય સંજોગોનો એક સરખો મેળ પડે તો તેના પરિણામે સુખ,

તંદુરસ્તિ અને યશ નિવડયા વગર રહેતાં નથી.

મનુષ્ય જ્યારે પોતાનું દુઃખ રડતો અને બીજાની નિંદા કરતો બંધ પડે, અને પોતાના પ્રાણમાં જે ગુપ્ત **ધર્મરાજ** કાર્ય કરી રહ્યો છે તેની ખોળ કરવા માંડે ત્યારે જ, તે ખરો મર્દ થવા માંડે છે. જ્યારે તે પોતાનું મન, તેની આજ્ઞાને અનુકુળ કરે છે ત્યારે, પોતાની સ્થિતિ બગડવાના કારણ માટે બીજાના ઉપર આરોપ મુકતો અટકે છે, અને પોતાના મનમાં અમારી વિચાર ચલાવે છે; સંજોગોની સામો થતો બંધ પડે છે, પરંતુ તેમનો આશ્રય લઇ વધુ ઝડપથી આગળ વધવા માટે, અને પોતાના ભીતરમાં જે ગુપ્ત શક્તિ અને ઘટના છે તેને ખોળી કહાડવા માટે તેમનો ઉપયોગ કરવા માંડે છે.

સૃષ્ટિમાં ઐશ્વર્ય ભોગવનારૂં તત્વ ગોટાળો નહી, પરંતુ મહાન શક્તિ છે. જીવાત્માનું ચૈતન્ય અને મૂર્ત દ્રવ્ય, અન્યાય નહી પરંતુ ન્યાય છે, અને આધ્યાત્મિક સૃષ્ટિમાં રૂપ આપતી અને જાગ્રત કરતી શક્તિ, અનીતિ નહીં પરંતુ નીતિ છે. આ પ્રમાણે હોવાથી સૃષ્ટિ નિયમાનુસાર છે, એ જાણવા માટે મનુષ્યે પોતાને પોતાના અસલ આત્મ સ્વરૂપમાં લાવવો જ જોઇએ; પોતાના સનાતન-રૂપમાં આત્મ સ્વરૂપમાં-સમજવો જોઇએ; એટલે તે ક્રીયા દરમ્યાન તેને માલમ પડશે કે વસ્તુઓ અને બીજા લોકો તરફ જેમ જેમ તે પોતાના વિચાર ફેરવતો જાય છે તેમ તેમ તે વસ્તુઓ અને બીજા લોકો તેના તરફ વળે છે.

આ વાતની ખાત્રી દરેક મનુષ્ય પોતાના હૃદયથી કરી શકે છે. અને તેથી આ શરીરને જ્ઞાન દ્રષ્ટિથી જોવા, તથા સ્વાર્થને ખસતો કરી અવલોકન કરવા સુગમ થાય છે. માટે મનુષ્યે પ્રથમથી જ પોતાના વિચારો ફેરવવા જોઇએ, તેમ થયે તેના જીવતરની ભૌતિક (સ્થુળ)

સ્થિતિમાં જે ઝડપી રૂપાંતર થશે તેથી તે અચંબો પામશે. મનુષ્ય પોતાના વિચાર ગુપ્ત રાખવા ધારે છે, પરંતુ તે ગુપ્ત રહી શકતા નથી. તે વિચારો આદતનું રૂપ પકડે છે અને પછી આદતથી સંજોગો ઘડાય છે. વિષયવાસનાના વિચાર કરવાથી, વ્યસની અને સ્ત્રિલંપટ થવાય છે જે, પાછળથી દળદર અને રોગ આણે છે. દરેક જાતના દુષિત વિચાર કરવાથી શરીરમાં નબળાઈ આવી તેથી ચિતભ્રમ થવાય છે અને કેટલેક પ્રસંગે ગાંડા પણ બની જવાય છે. ભય, શંકા અને તર્ક વિતર્કના વિચાર કરવાથી શરીરમાં નબળાઈ આવી, બાયલા થઇ જઇ વહેમી થવાય છે, જેથી કાર્યમાં નિષ્ફળતા પ્રાપ્ત થઈ ગરીબાઈ આવે છે અને તેથી બીજાની હાજીહા કરવી પડે છે. કાર્ય કર્યા સિવાય પડી રહેવાના વિચારથી, એદી થવાય છે અને ખોટો માર્ગ લેવાના વિચાર આવે છે જેનાં પરિણામમાં ભીખ માગવાના અને લોકોનું એઠું ખાવાના પ્રસંગ આવે છે. દ્વેષી અને નિંદાના વિચારો કરવાથી બીજાના ઉપર ખોટાં આળ ચઢાવવા ઇચ્છા થાય છે અને ટંટા ફીસાદ ઉત્પન્ન થાય છે, જેથી છેવટે નુકસાની અને હેરાનગતી ભોગવવાના પ્રસંગો ખડા થાય છે. બધી જાતની સ્વાર્થી મતલબ પાર પાડવાનું વલણ થાય છે જેથી અંતે ઓછું વત્ત દુઃખ ભોગવવાના પ્રસંગો આવે છે. હવે તેની બીજી બાજુ તપાસી જોઇએ. સઘળી જાતનાં સુવિચારોથી પરોપકારનાં કાર્યો કરવાનું મન થાય છે અને તેથી આપણને સુખ તથા આનંદ મળે છે. નિર્દોષ વિચાર કરવાથી મિતાહારી અને આત્મસંયમી થવાય છે જેથી આપણને સુખ તથા શાંતિ મળે છે. હિંમત, સ્વાશ્રય અને દ્રઢતાથી પુરૂષાર્થી થવાય છે જેથી કાર્યની સિદ્ધિ થઈ સમૃદ્ધિ તથા સ્વતંત્રતા આવી મળે છે. કાંઈ પણ ઉદ્યમ કરવાના વિચારથી ઉદ્યોગી થવાઇ સુઘડ રહેવાય છે અને તેથી સં-

લાભ પ્રાપ્ત થાય છે. સાલસાઇના અને ક્ષમાશીલ વિચાર કરવાથી આપણામાં વિનય આવી બીજાને આપણે કેવી રીતે મદદ કરી તેમનું પાલન કરી શકીએ એવા સંજોગો આવી મળે છે. નિઃસ્વાર્થી અને પ્રેમાળ વિચાર કરવાથી આપણે આપણી જાતનું સુખ ખરતું કરીએ છીએ જેના પરિણામે કાયમની સુખાકારી અને ખરા પરસેવાનું ધન મેળવવાના પ્રસંગો આવી મળે છે.

સારી અથવા માઠી કોઈ પણ જાતની વિચાર શ્રેણી અનુસરવામાં આવે તો, તેનું પરિણામ, આચરણ તથા સંજોગો ઉપર પડ્યા વિના રહેતું નથી. મનુષ્ય પોતાના સંજોગોને સીધી રીતે પસંદ કરી શકે નહિ, પરંતુ તે પોતાના વિચારો પસંદ કરી શકે અને તેથી આડકતરી રીતે, પરંતુ ચોક્સપણે, પોતાના મનગમતા સંજોગ ઘડી શકે.

એક મનુષ્ય જે વિચારોને મોટે ભાગે ટેકો આપે છે, તે વિચારો તૃપ્ત કરવા કુદરત સહાય કરે છે, તેથી એવી તક આવી મળે છે કે જેથી સારા અથવા માઠા, બંને વિચાર જલદીથી આપોઆપ ઉપર તરી આવે છે.

મનુષ્ય પાપના વિચાર કરતો અટકે એટલે બધી દુનિયા તેના તરફ દયા દેખાડશે અને મદદ કરવા તત્પર થશે. તે પોતાના નબળા અને દુષ્ટ વિચારો દૂર કરે, પછી જુઓ! તેના દૃઢ નિશ્ચયોને મદદ કરવા ચારે તરફથી પ્રસંગો આવી મળશે. તેણે સારા વિચારોને ટેકો આપ્યા કરવો એટલે દુષ્ટ ભાવી તેને કંગાળ દશામાં અને નામોસી ભરેલી સ્થિતિમાં બાંધી રાખી શકશે નહીં. દુનિયાં, એ તમારા આયનારૂપ છે, તેમાં તમારા હર વખત ચાલતા વિચારોનાં રંગબેરંગી ગોઠવાયલાં ચિત્રો જણાય છે તેથી જે જે કાર્યો તમે કર્યાં હોય તેના સારા વા માઠા પરિણામ ઢાંક્યાં રહેતાં નથી. "જેવા થવાની તમે

ઇચ્છા રાખો છો તેવા તમે થશો, કાર્ય અફળ જવાથી મનુષ્ય આસ-પાસના સંજોગોને દોષ દઇ પોતાની નપુંસકતા બતાવે છે, પણ આત્મદર્શી મનુષ્ય, મુક્ત હોવાથી "સંજોગો" ની વાતને હસી કહાડે છે.

× × × ×

*આત્મદર્શી મનુષ્ય આયુષ્યકાળને જીતે છે અને ગમે તેટલે દૂર તેની દિવ્યદૃષ્ટિ પ્હોંચાડે છે. "દૈવયોગ" અને "સંજોગ" શબ્દોને સારા માઠા દરેક પ્રસંગે શ્રેષ્ઠ સ્થાન નહિ આપતાં પોતાને વશવર્તી રાખે છે.

મનુષ્યની અદૃશ્યશક્તિ, ઇચ્છા શક્તિ જે અમર આત્માની પુત્રી છે તે પત્થરની દિવાલો તોડીને પણ ધારેલે સ્થળે જવા, રસ્તો ખણી કાઢે છે–(આત્મદર્શી મનુષ્ય પોતાની ઇચ્છા શક્તિથી દુર્ઘટ સ્થાનમાં જવા ધારે તો જઇ શકે છે.)

વિલંબ થવાને લીધે અધીરા બનશો નહીં; પરંતુ સમજુ, જ્ઞાની મનુષ્યની માફક દમ ખાઓ–ધીરજ પકડો. જ્યારે જીવ ઉંચ સ્થિતિએ ચઢી મુળ રૂપ–**શિવ**–થઇ હુકમ કરે છે ત્યારે દેવો પણ તે હુકમ માથે ચઢાવવા તૈયાર હોય છે. (મનુષ્ય જ્યારે જીવ રૂપમાંથી ઉંચપદે ચઢી દેવ–રૂપ બને છે ત્યારે અગ્નિ, વરૂણ વગેરે દેવો પણ તેની આજ્ઞાને

---

* આત્મદર્શી મનુષ્યે આયુષ્યકાળ ઉપર કાબુ મેળવેલો હોવાથી તે પોતાની ઇચ્છા વગર દેહ ત્યાગ કરતો નથી. તેણે જ્ઞાન દૃષ્ટિ મેળવેલી હોવાથી દૂરની હકીકત તે જોઇ તથા જાણી શકે છે. "દૈવયોગ" એ શબ્દથી દેહદર્શી મનુષ્યો છેતરાય છે, પણ તે શબ્દ આત્મદર્શી મનુષ્યના શબ્દકોષમાં નહીં હોવાથી તેના હૃદયમાં ઉદ્ભવતો નથી. દેહદર્શી મનુષ્યના હૃદયમાં "સંજોગ" એવો ગાદીપતિ થઈ બેઠો છે કે, તે કેમે કર્યો છૂટતો નથી, તેને આત્મદર્શી મનુષ્ય શ્રેષ્ઠ સ્થાન નહીં આપતાં પોતાના ચાકરની માફક વશ રાખે છે.

આધીન રહેવા તૈયાર હોય છે, તો પછી મનુષ્યજાતિ આધીન રહે તેમાં શી નવાઈ?)

શરીર તથા તંદુરસ્તી ઉપર વિચારથી થતી અસર.

શરીર મનને અનુસરી કાર્ય કરે છે. મનની બધી ક્રિયા, પછી તે વિચાર પૂર્વક પસંદ કરેલી હોય યા નહી તોપણ તે ક્રિયા શરીર કરે જાય છે. દુષ્ટ વિચાર સાંભળવાથી શરીરને તરત જ કમ્પારી છુટે છે; આનંદી અને સુંદર વિચારનું ફરમાન સાંભળવાથી તેને જુવાનીની અને સૌંદર્યની લાલી આવે છે.

સંજોગોની માફક, રોગ અને તંદુરસ્તીના મૂળ વિચારમાં રહેલાં છે. નબળા શરીરવાળા મનુષ્યોમાંથી હલકા વિચારો આપોઆપ નિકળી આવે છે. બંદુકની ગોળીથી મનુષ્યનો પ્રાણ જાય છે, તેવી ઝડપથી ભયવાળા વિચારથી મરણ થયાનું જાહેર થઇ ચૂક્યુ છે એટલે તેવા ભયથી હજારો મનુષ્યો, જોકે તેટલી ઝડપથી નહિ, પરંતુ મરી જાય છે એ વાત ચોક્કસ છે. જે લોકોને રોગ લાગુ પડે છે, તે જ લોકો, તેવા રોગના ભયમાં રહેતા હોય છે. ચિન્તાથી આખું શરીર જલદી નીતિ–ભ્રષ્ટ થાય છે, અને તેથી રોગનાં દ્વાર ખુલ્લાં થાય છે. અનીતિના વિચારો પ્રમાણે કાર્ય નહીં કરવા છતાં પણ તેવા વિચારથી શરીરનું બંધારણ જલદી તૂટી જાય છે.

તંદુરસ્તીના, નીતિના અને માંગલીક વિચારોથી શરીરમાં તાકાદ તથા સુલક્ષણ આવે છે. શરીર એક નાજુક, જેવી છાપ પાડીએ તેવી પડે, એવું સાધન હોવાથી જેવા વિચાર તે ઉપર ઠસાવ્યા હોય, તેવા

તેના પ્રત્યાઘાત શરીર ઉપર પડે છે, તેથી વિચારોના આદતનું પરિણામ, સારૂં યા માઠું, શરીર ઉપર આવ્યા વગર રહેતું નથી.

મનુષ્યો જ્યાં સુધી દુષિત વિચારોનો વિસ્તાર વધાર્યા કરશે, ત્યાં સુધી તેમનામાં અનીતિનો પ્રવાહ વહ્યા કરશે. નિષ્પાપી હૃદયવાળા મનુષ્યનું શરીર અને વર્તન પાપરહિત હોય છે. પતિત મનવાળા મનુષ્યનું જીવન પતિત, અને શરીર દુષિત, હોય છે. વિચાર, એ કાર્ય, આચરણ, અને સૌંદર્યનો ઝરો છે માટે તે ઝરાને નિર્મળ બનાવો, એટલે બધું નિર્મળ થઇ જશે.

જે મનુષ્ય પોતાના વિચાર ફેરવશે નહિ, તેને તેના ખોરાકના ફેરફારથી લાભ થવાનો નથી. મનુષ્ય પોતાના વિચાર નિર્મળ (નીતિમય) બનાવે એટલે તેને અનીતિના ખોરાકની ઇચ્છા થવાની નથી.

પવિત્ર વિચારોથી પવિત્ર ટેવ પડે છે. જે સાધુ સ્નાન કરતો નથી તે સાધુ નથી. જેણે પોતાના વિચાર દૃઢ અને નિર્મળ કર્યા છે તેને દ્વેષી, ઝેરી જંતુઓનો ભય લાગતો નથી.

તમારા શરીરનું રક્ષણ કરવા તમારી ઇચ્છા હોયતો તમારા મનને જાગ્રત કરો. જો તમે તમારૂં શરીર સુધારવા ઇચ્છા રાખતા હો, તો તમારા મનને પવિત્ર બનાવો. દ્વેષ, અદેખાઇ, નિરાશા, નાઉમેદીના વિચારોથી શરીરની તંદુરસ્તી અને ખૂબસુરતી જતાં રહે છે. વાંકું મ્હોં થઇ જવું, એ દૈવયોગનું કારણ નથી; તમારા દુઃખજનક વિચારોથી તે તેવું થયું છે. મ્હોંડા ઉપર કરચલી વળી, ચહેરો કદ્રુપો થાય થાય છે, તેનું કારણ મૂર્ખાઇ, ક્રોધ, અને ગર્વ છે.

હું એક છન્નું વર્ષની બાઇને ઓળખું છું. તેની મુખમુદ્રા, નિર્વિકારી કુંવારી કન્યા જેવી ચકચકિત છે. હું એક પુરૂષ જેની ઉમર પચાશ વર્ષની અંદરની છે તેને ઓળખું છું. તેના ચહેરાનો ઘાટ

બેડોળ થઇ ગયો છે. પ્રથમ જે ચહેરા માટે લખ્યું તે મધુર અને આનંદી સ્વભાવનું પરિણામ છે. બીજા પુરૂષનો ચહેરો બગડવાનું કારણ તેનો ક્રોધ અને અસંતોષ છે.

જ્યાં સુધી તમારા ઓરડામાં હવા તથા અજવાળું ખુલ્લી રીતે આવવા દો નહિ, ત્યાં સુધી તમારૂં રહેઠાણ સુખપ્રદ અને આરોગ્ય-વર્ધક થઇ શકે નહિ. તે જ ધોરણે મનમાં આનંદી, શુભેચ્છાના અને શાન્તીના વિચારો છૂટથી આવવા દીધા શિવાય, શરીર તંદુરસ્ત, અને મુખમુદ્રા ચકચકિત, આનંદી, અને શાન્ત થઇ શકે નહીં.

વૃદ્ધ મનુષ્યોની મુખમુદ્રા ઉપર સહાનુભાવ (દયાભાવ) ની કરચળીઓ વળેલી હોય છે. કેટલાક ઉપર તંદુરસ્તી અને ભક્તિપરાયણ વિચારની કરચળીઓ હોય છે અને બીજાઓ ઉપર એવી કરચળીઓ વિકારના કારણે ભરપૂર હોય છે. આવી કરચળીઓ શાથી થઈ છે તે કોણ પારખી નહીં શકે ? જેમણે નીતિમય જીવન ગાળ્યું હોય, તેમનું ઘડપણ આશો માસની શરદ પુનેમની રાત્રીના ચંદ્રમા જેવું-શાંત, શીતળ, અને સુસ્વરની મધુરતા વાળું હોય છે. એક તત્વજ્ઞાનીને મરણ પથારીએ પડેલો મેં થોડા દિવસ ઉપર જોયો હતો. તે વયોવૃદ્ધ છતાં, તેવો દેખાતો નહોતો, જેવું મનોરંજક અને શાંત જીવન તેણે ગાળ્યું હતું, તેવી જ સ્થિતિમાં તેણે દેહ છોડ્યો.

શરીરના વ્યાધિઓ કહાડવા માટે, આનંદી વિચાર જેવો બીજો કોઈ વૈદ નથી. શોક અને દુઃખ રૂપી ભૂતો કહાડવા માટે, શુભેચ્છા જેવો કોઈ ભુવો નથી. દ્વેષ, કુતરા જેવો (પોતે ખાવું નહિ અને બીજાને ખાવા દેવું નહિં એવો) સ્વભાવ, વહેમ, અને અદેખાઈના સતત વિચારો કર્યા કરવા, એ જાતે બનાવેલા કેદખાનામાં ગોંધાઈ રહેવા જેવું છે, પરંતુ બધાનું ભલું ઇચ્છવું, બધાની સાથે આનંદમાં

રહેવું, બધામાં સદ્‌ગુણ જોવાનું ધૈર્ય રાખી શિખવું (ધૈર્ય રાખી બધાના ગુણ ગ્રાહી થવું.) આવા નિ:સ્વાર્થી વિચારો સ્વર્ગનાં દ્વાર છે; અને દરેક પ્રાણીને પોતાના સરખા જ ગણી લેવાના વિચારમાં હરરોજ રહેવાથી તે પ્રમાણે વર્તનારને અખંડ શાંતિ મળે છે.

વિચાર અને કાર્ય.

જો વિચાર કર્યા પછી કાર્ય કરવામાં ન આવે, તો તેની પૂર્ણ સમાપ્તિ થતી નથી. ઘણા મનુષ્યો વિચાર રૂપી નાવને ભવસાગર ઉપર "તણાઇ" જવા દેછે. લક્ષ્યબિંદુ વગરનું કાર્ય એ દુર્ગુણ છે, તેથી જે મનુષ્ય દુ:ખદાયક પરિણામ અથવા પાયમાલી ના થાય એવી રીતે તે નાવને હંકારશે, તે એ પ્રમાણે તણાયો જશે નહીં.

જે મનુષ્યો પોતાના જીવનમાં કાંઇપણ લક્ષ્યબિંદુ રાખ્યા શિવાય કાર્ય કરે છે તેઓ ક્ષુલ્લક ઉપાધીના, ભયના, દુર્દશાના અને દયામણા થવાના વહેલા ભોગ થઇ પડે છે. આ બધા નબળાઇનાં લક્ષણો છે. અને પુખ્ત વિચારપૂર્વક કરેલાં પાપ કર્મોથી (જો કે તેની વિચાર સૃષ્ટિ ઉલટી છે. તો પણ તેથી તે) નિષ્ફળતા, દુઃખ અને નુકસાની આવી પડે છે. કારણ સૃષ્ટિમાં જ્યાં દિવ્ય શક્તિ કાર્ય કરી રહી છે, ત્યાં નબળો મનુષ્ય વધુ વખત ટકી શકે નહીં.

હરકોઈ મનુષ્યે વાસ્તવિક કાર્ય માટે વિચાર કરી, તે પૂર્ણ કરવા તત્પર થવું. તેણે તે કાર્યને પોતાના વિચારનું લક્ષબિંદુ ઠરાવવું, એટલે તેની પ્રકૃતિને અનુસરી તે કાર્ય ઐહિક અથવા આધ્યાત્મિક કાર્યનું રૂપ લેશે. અને તે ગમે તે રૂપ લે, તો પણ જે કાર્ય કરવા તે તૈયાર થયો હોય, તે કાર્યના કેંદ્રસ્થાન ઉપર તેણે પોતાના વિચાર–બળોને

દ્રઢ કરવા, એ જ કાર્યને પોતાનું પ્રધાન કર્તવ્ય સમજી, પોતાના વિચારોને ક્ષણભંગુર કલ્પનાઓ, ઇચ્છાઓ, અને તર્કવિતર્ક તરફ નહીં દોડાવતાં, તે પૂર્ણ કરવા લક્ષ લગાડવું. આત્મસંયમ અને વિચારની ખરી એકાગ્રતા કરવા માટે આ રાજ-માર્ગ છે. વારંવાર પ્રયત્ન કર્યાં છતાં પણ તેના કાર્યની સિદ્ધિ થાય નહીં (અને જ્યાં સુધી તેની નબળાઈ દૂર થઇ નથી ત્યાં સુધી તેના કાર્યની સિદ્ધિ થવી પણ ન જોઇએ), તો પણ તેથી પોતાના આચરણમાં જે દ્રઢતા પ્રાપ્ત થશે, તે જ તેની ખરી કાર્ય-સિદ્ધિની મર્યાદા બંધાશે. એટલે હવે પછી આ નવા સ્થળેથી પોતાની શક્તિનો ઉપયોગ કરી કાર્ય-સિદ્ધિ પ્રાપ્ત કરવાને તેને શરૂવાત કરવી પડશે.

જે મનુષ્યો મહાન કાર્ય કરવા શક્તિવાન ન હોય, તેમણે પોતાનું કાર્ય ગમે તેવું ક્ષુદ્રક હોય, તો પણ તે કર્તવ્ય ખોડ ખામી વગર પૂર્ણ કરવા તરફ, પોતાના વિચારો દ્રઢ કરવા જોઇએ. આ પ્રમાણે કરવાથી જ વિચારોને એકત્ર કરી કેંદ્રસ્થાનમાં લાવી શકાય છે, અને દ્રઢતા તથા શક્તિને ખીલવાય છે. આ પ્રમાણે થયું એટલે કોઈ પણ કાર્ય પૂર્ણ ન થાય એવું બનશે નહીં.

ઘણા જ નબળા મનનો મનુષ્ય પોતાની ન્યુનતા સમજી, અને કોશીશ કરી કાર્ય કરવાથી જ દ્રઢતા વધે છે એ વાત ઉપર ભરોસો રાખી, કાર્ય કરવા તત્પર થશે, અને ઉપરાછાપરી પ્રયત્નો કરી અતિશય ધીરજ રાખી અને કાર્ય કુશળતા મેળવતો રહી, પોતાની શક્તિ ખીલવામાં અટકે નહીં, તો તે દિવ્ય શક્તિ પ્રાપ્ત કર્યા શિવાય રહેશે નહીં.

શારીરિક નબળાઈ-વાળો મનુષ્ય જેમ સંભાળપૂર્વક અને ધૈર્ય રાખી કસરત કરવાથી જબરો થાય છે, તેમ નબળા મનવાળો મનુષ્ય

સત્ય વિચારનું અનુષ્ઠાન કરવાથી દ્રઢતા પ્રાપ્ત કરી શકે ખરો.

કાર્યની સિદ્ધિ કરવા જતાં નિષ્ફળતા પ્રાપ્ત થાય, તેને જે દ્રઢ મનના મનુષ્યો સિદ્ધિ પ્રાપ્ત થવાનો માર્ગ લેખે છે, જેઓ દરેક સ્થિતિમાં કાર્ય કર્યા જાય છે, અને ખરા દિલથી વિચાર કરી બેધડક પ્રયત્ન ચલાવી ઘણી ચતુરાઇ ભરેલું કાર્ય પૂર્ણ કરે છે, તેવા મનુષ્યોની બરોબરીમાં બેસવું હોય, તો લક્ષબિંદુ વગરનું કાર્ય અને નબળાઇને કહાડી નાખી, લક્ષબિંદુ રાખી કાર્ય કરવાનું થવું જોઇએ.

હરકોઇ મનુષ્યે પોતાના કાર્ય માટે નક્કી વિચાર કરી, આડી અવળી નજર નહીં નાખતાં, તેની સમાપ્તિ કરવા સારૂ પોતાના મનમાં એક સરળ રસ્તો નક્કી કરવો જોઇએ. ભય અને શંકાને તો હજાર ગાઉ દૂર રાખવા. તેઓ તો સરળ માર્ગને ભૂલાવી દઈ આડે માર્ગે લઈ જાય તેવાં નુકસાનકારક અને નિરૂપયોગી હોવાથી, સરળ રસ્તે ચઢાવે તેવાં નથી. ભય અને શંકાના વમળમાં પડનારાઓએ કોઇ કામ પૂર્ણ કર્યું નથી અને કરી શકે પણ નહીં. તેવા વિચારથી તો નિષ્ફળતા આવે છે. શરીરમાં ભય અને શંકા દાખલ થયાં, એટલે પ્રેરણા, ઉત્સાહ, કાર્ય કરવાની શક્તિ, અને દ્રઢતાના વિચારો, પલાયન કરી જાય છે.

આપણે કાર્ય કરવા સમર્થ છીએ, એવા જ્ઞાનમાંથી કાર્ય કરવાની શક્તિ ઉદ્ભવે છે. ભય અને શંકા, એ જ્ઞાનના મહાન વિરોધીઓ છે. તેથી જે તેમનો નાશ નહીં કરતાં, તેમને અનુસરે છે, તેઓ પગલે પગલે હાર ખાય છે.

જેણે ભય અને શંકા દૂર કર્યા છે, તેનું કાર્ય અફળ જતું નથી. તેના દરેક વિચારમાં દિવ્ય શક્તિ રહેલી છે, તેથી બધી મુશ્કેલીઓ સામું બાથ ભીડી, વિવેકથી તેમને દૂર કરી દેછે. તેનાં કાર્યો યોગ્ય

વખતે યોજેલાં હોવાથી, તેમને ફુલ તથા ફળ એવાં આવે છે કે તે પાક્યા પહેલાં જમીન ઉપર ખરી પડતાં નથી.

કાર્ય કરવા માટે દૃઢ સંકલ્પ કર્યો હોય, તો તે ઉત્પાદક શક્તિ થાય છે. આ વાત જે જાણે છે તે અસ્થિર વિચાર અને ઢંગધડા વગરના વિકારમાં ગુંગળાઈ રહેલા મનુષ્ય કરતાં વધુ સમજુ અને વધુ વકરવાળો હોય છે. જે આ પ્રમાણે કરે છે, તે પોતાના મનની દિવ્ય શક્તિઓને જ્ઞાની મનુષ્યની માફક બુદ્ધિના કાર્યો તરફ કામે લગાડે છે.

કાર્ય સિદ્ધિમાં વિચાર, વઝીર (વિચારવાની અગત્યતા).

એક મનુષ્ય પોતાનું કાર્ય પાર પાડે છે, તો બીજો તેમાં નિષ્ફળ નિવડે છે આ તેના પોતાના વિચારોનું સ્પષ્ટ પરિણામ છે. સુવ્યવસ્થિત સૃષ્ટિમાં જ્યાં સમતોલપણાનો નાશ થવાથી મહાપ્રલય થાય છે, ત્યાં પ્રથક પ્રથક મનુષ્યને પોતપોતાના જન્મ–મરણનું રૂણ પતાવવાની જુમ્મેદારી સંપૂર્ણ હોવી જોઈએ. દરેક મનુષ્યની નબળાઈ અથવા જોર, આસ્તિકપણું અથવા નાસ્તિકપણું તેના પોતાનાં છે. તે બીજાનાં કહેવાય નહીં. તે બીજાનાં વ્હોરેલાં નહીં છતાં, પોતાનાં વ્હોરેલાં છે, તેથી તે બીજાથી નહીં ફેરવાતાં પોતે જ ફેરવી શકે તેમ છે. તેની ચાલુ સ્થિતિ પણ તેણે પોતે જ ઘડેલી છે, બીજાની ઘડેલી કહેવાય નહીં. તેના સુખ દુઃખ તેના ભીતરમાંથી નિકળેલાં છે.

જેવા વિચાર તે કરે છે, તેવો તે થાય છે. જેવા વિચાર તે ચાલુ રાખે તેવો તે રહે છે.

મદદની ઇચ્છા રાખ્યા શિવાય નબળો મનુષ્ય જબરા મનુષ્ય તરફથી મદદ મેળવી શકે નહીં, અને તે પ્રમાણે મદદ મળે, તો પણ નબળા મનુષ્યે પોતામાં જે બળ હોય, તે તેણે દેખાડવું જોઇએ. જે બળને માટે તે બીજાને વખાણે છે, તે બળ પોતાના જ પ્રયત્નથી વધારવું જોઇએ. પોતાની જાત શિવાય તેની સ્થિતિ સુધારવા કોઇ સમર્થ નથી.

"એક મનુષ્ય નિષ્ઠુર (દુઃખ દેનાર) હોવાથી ઘણા મનુષ્યો તેને આધિન રહે છે. (હાજી હા કરે છે) તેવા નિષ્ઠુર મનુષ્યનો તિરસ્કાર કરો" આવું વિચારવાની અને બોલવાની મનુષ્યોને ટેવ પડી ગઈ છે. એમ છતાં પણ ચાલુ કાળમાં આવા વિચાર, કેટલાક મનુષ્યોએ ફેરવ્યા છે, અને તેમાં વધારો થતો જાય છે. આવા લોકો કહે છે કે "ઘણા મનુષ્યો અમુક મનુષ્યને વશવર્તી ચાલે છે તેથી તે મનુષ્ય નિષ્ઠુર બને છે. માટે તેવા આધિન રહેતા મનુષ્યોનો તિરસ્કાર કરો" ખરી વાત તો એ છે કે તે નિષ્ઠુર મનુષ્ય અને હાજી હા કરતા લોકો અજ્ઞાનપણામાં એક બીજાને સહાય કરે છે. અને તેઓ જો કે એક બીજાને દુઃખ દેતા દેખાય છે, તો પણ ખરૂં જોતાં તેઓ પોતાની જાતને જ દુઃખ આપે છે. દુઃખી મનુષ્યોએ પોતાની દેખાડેલી નબળાઇ, અને દુઃખ દેનારે પોતાની શક્તિનો કરેલો દુરૂપયોગ, અન્યાયનું કાર્ય હોવાનું પૂર્ણ જ્ઞાની મનુષ્ય સમજે છે. બંને પક્ષના મનુષ્યને દુઃખ ભોગવવું પડે છે, તે ઉપર પૂર્ણ પ્રેમી મનુષ્ય લક્ષ આપી, કોઇનો તિરસ્કાર કરતો નથી. પૂર્ણ દયાળુ મનુષ્ય, દુઃખી થનાર તેમ જ દુઃખ દેનાર બેઉને દયાભાવથી જુવે છે.

જે મનુષ્યે પોતાની નબળાઈ દૂર કરી, સ્વાર્થી વિચારોને હાંકી કહાડયા છે તે મનુષ્ય દુઃખી થનાર તથા દુઃખ દેનાર એઉમાંથી કોઇનો પક્ષ કરતો નથી. તે મુક્ત રહે છે.

હરકોઇ મનુષ્ય પોતાના વિચારોને ઉન્નત સ્થિતિએ લઇ જવાથી જ ઉંચે ચઢી શકે છે, વિજય મેળવી શકે છે, અને કાર્ય-સિદ્ધિ કરી શકે છે. પોતાના વિચારોને ઉચ્ચ માર્ગે નહીં દોરવાથી તે નબળો, અધમ અને કંગાળ રહે છે.

સંસારી બાબતોમાં પણ કોઇ મનુષ્ય કાંઇ કાર્ય-સિદ્ધિ મેળવે તે પહેલાં તેણે નીચ વિષયવાસનાના લાડકોડને દાબી દઈ, ઉચ્ચ વિચારો કરવા જોઇએ. કાર્ય-સિદ્ધિ મેળવવા માટે પોતાની સઘળી વાસનાનો અને સ્વાર્થનો કોઇ પણ કારણે ત્યાગ કરવાનો નથી, પરંતુ તેના કાંઇક અંશનો તેણે ભોગ આપવો જોઇએ. જે મનુષ્ય વિષયા-વાસનાને વિચારમાં પ્રથમ પદ આપે છે, તે મનુષ્ય પોતાના વિચાર નિર્મળ કરવા, અને પોતાની યોજના પદ્ધતિસર ઘડવા, અશક્ત છે. તે પોતાનાં ગુપ્ત સાધનોને ખોળી કાઢી ખીલવી શકતો ન હોવાથી પોતાના કાર્યમાં માર ખાશે. તેણે પોતાના વિચારો ઉપર હિંમતથી કાબુ મેળવવા શરૂવાત કરેલી ન હોવાથી પોતાના કામકાજ ઉપર કાબુ મેળવવા, તથા ભારે જવાબદારીનું કામ માથે ઉપાડવા, તે હજી પાત્ર થયો નથી. તે સ્વતંત્ર રીતે કાર્ય કરવા અને એકલો ટકી રહેવા લાયક નથી. તે પોતાના પસંદ કરેલા વિચારોની હદમાં જ રહેવા પાત્ર છે.

કાંઈ પણ ભોગ આપ્યા શિવાય આગળ વધાતું નથી અથવા કાર્ય-સિદ્ધિ થતી નથી, તેથી મનુષ્ય જે પ્રમાણમાં વિષય-વાસના સબંધે તેના ઘોળાઇ રહેલા વિચારોનો ભોગ આપી, પોતાની યોજનાને ખીલવવા તથા પોતાના સંકલ્પો અને સ્વાશ્રયને મજબુત કરવા

મન લગાડશે; તેટલે દરજ્જે તે સંસારી કાર્યોમાં ફળીભૂત થશે. જેમ જેમ તે પોતાના વિચારોને ઉંચી દીશા તરફ ચઢાવશે તેમ તેમ તે વધુ હીંમતવાન, પ્રમાણીક અને નીતિવાન થતો જશે, તેની કાર્ય-સિદ્ધિ વધતી જશે અને તેના કાર્યો વધુ સુખદાયક અને ટકાઉ નિવડશે.

ઉપર ટપકે જોતાં કેટલીક વખત એમ માલમ પડે છે કે–અફ-રાંતીઆ ખાનાર, અપ્રમાણિક, લંપટ મનુષ્યો ઉપર કુદરતની કૃપા હોય છે, પરંતુ તેમ નથી. કુદરત તો પ્રમાણિક, ઉદાર દિલના, અને સદ્-ગુણી મનુષ્યોને મદદ કરે છે. પાછલા યુગોના મહાન જગત્ ગુરૂઓએ આ વાત જુદા જુદા રૂપમાં જણાવી છે, અને તેની ખાત્રી કરવા તથા સમજવા સારૂ મનુષ્યે પોતાના વિચારોને ઉંચી દીશા તરફ વાળી, વધુ અને વધુ સદ્‌ગુણી થવા, ચાલુ રહેવું એટલે તેને સમજાશે.

જ્ઞાનની શોધ માટે, અથવા આત્મા અને વિશ્વમાં જે સુંદર અને સત્ય છે તેની ખોળ માટે, વિચારને એકાગ્ર કરવાથી બુદ્ધિનો વિકાસ થાય છે. બુદ્ધિનો આવો વિકાસ કેટલીક વખત અહંકાર અને થી મિશ્રિત હોય છે, પરંતુ તે મિશ્રણ અહંકાર અને લોભના ફળ રૂપે નથી. આ વિકાસ તો લાંબો વખત સુધી પવિત્ર અને નિઃસ્વાર્થી વિચારો ભારે શ્રમ ઉઠાવી કર્યા તેનું સ્વાભાવિક પરિણામ હોય છે.

અધ્યાત્મિક મહાન કાર્ય-સિદ્ધિઓ પ્રાપ્ત થવી એ, ભક્તિ પરા-યણ ઉચ્ચ આકાંક્ષાની સમાપ્તી છે, જે મનુષ્ય અમીરી અને પ્રૌઢ વિ-ચારો કરવામાં નિમગ્ન રહે છે, જે સઘળું ભક્તિ-પરાયણ અને નિ-સ્વાર્થી હોય તેના વિચાર કરે છે, તે મનુષ્ય, સૂર્ય જેમ શિરોબિંદુએ અચુક પહોંચે છે અને ચંદ્ર જેમ પૂર્ણ કળા અચૂક પ્રાપ્ત કરે છે, તેવી જ અચુક રીતે તે આચરણમાં વિવેકી અને અમીરી થઇ, સુખ અને સત્તા પ્રાપ્ત થાય, એવે દરજ્જે ચઢી ગયા વગર રહેતો નથી.

કોઇ પણ જાતની કાર્યસિદ્ધિ, કરેલા વિચાર અને પ્રયત્નનું શુભ પરિણામ છે. આત્મસંયમથી, સંકલ્પથી, ભક્તિથી, નીતિથી અને સદ્‌વિચારથી, મનુષ્ય ઉચ્ચપદે ચઢે છે. વિષય વાસનાથી, આળસથી, નાસ્તિકપણાથી, અનિતીથી, અને અસદ્ વિચારથી, મનુષ્ય અધોગતીને પ્રાપ્ત થાય છે.

મનુષ્ય સંસારના કાર્યોમાં મહાન યશ પ્રાપ્ત કરી શકે તેમ જ અધ્યાત્મિક પ્રદેશના ઉંચા શિખરે પણ ચઢી શકે, પરંતુ જો ગર્વ, સ્વાર્થ અને અનીતિના વિચારો પોતાના મનમાં ઘુસવા દીધા તો ફરી પાછો મૂર્ખ અને દુ:ખી પણ થઇ જાય.

સત્ય વિચારથી જે મહાન સિદ્ધિ મેળવવામાં આવે, તેને કાયમ રાખવા માટે, સાવધ રહેવાની ખાસ જરૂર છે. સિદ્ધિ પ્રાપ્ત થઇ એટલે ઘણા મનુષ્યો-આફૂલ થઈ જઈ તુર્ત તે ખોઇ બેસે છે.

વ્યવહારિક, બુદ્ધિબળના, અથવા અધ્યાત્મિક કાર્યોમાં જે મહાન કાર્યો સફળ થાય છે, તે ચોક્સ રસ્તે વિચારને દોરવ્યાનું પરિણામ છે, તે એક જ નિયમને વશ વર્તે છે, અને તે એક જ પદ્ધતિના હોય છે. જે ફરક છે તે ફક્ત ફળ પ્રાપ્તિની વસ્તુમાં હોય છે.

જેને થોડી પ્રાપ્તિ કરવી હોય તેણે થોડો ભોગ આપવો પડશે, જેને ઘણી પ્રાપ્તિ કરવી હોય તેણે ઘણો ભોગ આપવો પડશે, અને જેને ઉચ્ચ પદે ચઢવું હોય—પરમપદ મેળવવું હોય તેણે મહાન ભોગ આપવો પડશે.

મનોરથ સૃષ્ટિ.

મનોરથ સૃષ્ટિ રચનારાઓ જગતના ઉદ્ધારકો બન્યા છે. જેમ દૃશ્ય જગત્ અદૃશ્ય જગતથી ટકી રહ્યું છે, તેમ મનુષ્યો પોતાની ક-

સોટીઓ, દુઃખ અને દુષ્ટ ધંધા દરમ્યાન એકાંતના સમયે મનોરથ સૃષ્ટિના વિચારમાં જે સુંદર ચિતાર ખડો કરે છે, તે સુંદર ચિત્ર રૂપ પોતે થશે એવી આશામાં દહાડા કહાડે છે. મનુષ્યજાતી મનોરથ સૃષ્ટિ રચનારાઓને ભૂલી જતી નથી. તેમના આલેખેલા વિચારોને પકડી રાખે છે. તે વિચારોમાં જ તે રમ્યા કરે છે. તેજ વિચારમય સૃષ્ટિને સત્ય માને છે અને પરિણામે તે સત્યરૂપે થશે એમ સમજે છે.

ગ્રંથકાર, શિલ્પશાસ્ત્રી, ચિતારા, કવી, પેગંબર, રૂષી, આ બધા ભાવી દુનિયાના ઘડનાર છે. સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં કરી આપનાર છે. એવા લોકો જગતમાં થઇ ગયા હોવાથી, દુનિયા સુંદર લાગે છે. એવા મહાન્ પુરૂષો થયા નહોત, તો પ્રગતિ માટે પ્રયાસ કરતી મનુષ્ય જાતીનો નાશ થાત.

જે મનુષ્ય એક સુંદર મનોરથ સૃષ્ટિને પોતાના હૃદયમાં ઉચ્ચભાવનાવાળું ચિત્ર આપી પોષે છે, તેને તેવો દહાડો જોવા મળવાનો ખરો. **કોલંબસે** બીજી દુનિયા હોવાનો વિચાર પોષ્યો, તેથી તેણે બીજી દુનિયાની શોધ કરી. **કોપરનીકસે** ઘણી દુનિયા હોવાના તથા વધુ વિસ્તારવાળી સૃષ્ટિના વિચારને ખીલવ્યો, તેથી તે તે પ્રમાણે જાહેરમાં લાવી શક્યો. **બુદ્ધે** નિષ્કલંક સૌંદર્યવાળી અને પૂર્ણ શાંતિવાળી આધ્યાત્મિક દુનિયા સંબંધે માનસિક વિચાર ચલાવ્યો, તેથી તે તેવી દુનિયા પ્રાપ્ત કરી શક્યો.

તમે તમારી મનોરથ સૃષ્ટિને પોષતા રહો. તેવા વિચારોને પોષતા રહો, તમારા હૃદયમાં જે નાદ થાય છે તેને, તથા જે સૌંદર્ય તમારા મનમાં રચાય છે તેને, તથા તમારા ઉત્તમ ભક્તિપરાયણ વિચારો જે મનોરંજક વસ્તુ આત્માનો શણગાર છે તેને, પોષતા રહો.

કારણ તેમાંથી સઘળી આનંદી સ્થિતિઓ, સઘળા સર્વોત્તમ સંજોગો ઉદ્ભવે છે. તમે તમારી મનોરથ સૃષ્ટિને ખરા દિલથી વળગી રહેશો તો છેવટે તે મનોરથ સૃષ્ટિ સ્થુળ રૂપમાં દેખાશે.

કોઇ પણ વસ્તુની ઇચ્છા કરવાથી તે આપોઆપ મળે છે, અને મહાન ઇચ્છા કરવાથી મહાન કાર્ય ફળીભૂત થાય છે, એવો ઇશ્વરી નિયમ છે. માટે જો મનુષ્યની છેક હલકી વાસનાઓ પૂર્ણ રીતે તૃપ્ત થાય છે, તો પછી તેની ઉત્તમ નિર્મળ નિતીમય મહત્વાકાંક્ષાઓને પુરતું પોષણ કેમ નહીં મળે? મળવું જ જોઇએ. જેવું માગશો તેવું મળશે જ.

ઉચ્ચ ભાવનાવાળા વિચાર કરો, એટલે જેવી ભાવના તમે કરશો તેવા તમે થશો. તમે ભવિષ્યમાં કેવા થવાના છો તે બદલ તમારી મનોરથ સૃષ્ટિ તમારૂં ભવિષ્ય સુચવે છે. તમે તમારા આલેખેલા ચિત્રરૂપ નક્કી થવાના એવું તે ભાવી દર્શાવે છે.

સૃષ્ટિમાં જે મહાન પુરૂષો થઇ ગયા, તેમના કાર્યો પ્રથમ તો મનોમય હતાં. વડનું મહાન વૃક્ષ પ્રથમ તો તેના ન્હાના બીજમાં સમાયેલું હોય છે, તે જ પ્રમાણે પક્ષી પણ તેના ઇંડાની અંદર સુક્ષ્મ રૂપમાં હોય છે, અને તે જ ધોરણે ઉંચામાં ઉંચી મનોરથ સૃષ્ટિમાં **આત્મા** રમણ કરી રહ્યો હોય છે. જીવાત્માની મનોરથ સૃષ્ટિમાં **પરમાત્મા** કાર્ય કરી રહ્યો હોય છે. સુક્ષ્મ મનોરથ સૃષ્ટિ સ્થુળ સૃષ્ટિનું બીજ છે.

તમારા સંજોગો તમને પ્રતિકુળ હોવા છતાં પણ જો તમે તમારી મનોરથ સૃષ્ટિને લક્ષબિંદુ બનાવી તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા રહેશો તો થોડા વખતમાં પ્રતિકુળતા અદૃશ્ય થઇ જશે, તમે તમારી મનોરથ સૃષ્ટિમાં પ્રગતિ કરી શકો નહીં તો બહાર સ્થુળ સૃષ્ટિમાં પણ કોઇ કાળે તમારી પ્રગતિ થવાની નથી. એક યુવાન મનુષ્યનો દાખલો મો-

જુદ છે. તે પોતાની જીંદગીનો ઉચ્ચ ચિતાર કલ્પે છે અને તે પ્રમાણે મનોમય સૃષ્ટિ રચે છે. વધુ સ્વતંત્રતા અને વિશાળ ક્ષેત્રને પોતાનું લક્ષબિંદુ બનાવે છે અને હવે તે નિંદ્રામાંથી જાગૃત થઈ કાર્ય પ્રતિ ખેંચાય છે અને પોતાના થોડા વખત તથા સાધનોને પોતામાં રહેલી ગુપ્ત દિવ્ય શક્તિને ખીલવવા કામે લગાડે છે. થોડા વખતમાં તેનું મન એટલું પલટાઈ જાય છે કે—તે દુકાનમાં તેને જવાનું મન થતું નથી. હવે તે દુકાન તેના મનથી એવી બેતાલ લાગે છે, કે જીર્ણ કપડાં ફેંકી દેવામાં આવે છે, તેમ તે દુકાનનો હમેશ માટે ત્યાગ કરવો, એવો વિચાર કરે છે, તેથી તેની ખીલતી જતી દિવ્ય શક્તિના ક્ષેત્રને અનુસંધાન મળતા જવાથી વધુ લાયક બની, તે દુકાનમાંથી તે હંમેશ માટે નિકળી જાય છે. કેટલાક વર્ષો પછી આ યુવાનને આધેર મનુષ્ય જેવો જોઇએ છીએ આ વખતે તેણે કેટલીક એવી માનસિક શક્તિઓ પ્રાપ્ત કરેલી છે કે જે શક્તિઓથી તે આખી દુનિયાપર અમલ ચલાવે છે અને તેની બરોબરીમાં કોઈ આવતું નથી. તેણે જન્મ-મરણનો ફેરો ટાળવાના રાસ હાથ ધર્યા છે. તે **મહાન ગુરૂ** થયો છે. તે ઉચ્ચાર કાઢે છે, એટલે જુવો! શ્રોતાજનોના જીવન બદલાઇ જાય છે, સ્ત્રિ-પુરૂષો તેના વચન માથે ચઢાવી, પોતાની રહેણીકરણી સુધારે છે. અર્થાત્ સુર્ય મંડળમાં સૂર્ય મધ્યમાં રહી, બધા મંડળને પ્રકાશ આપી, તે મંડળને ફેરવે છે, તેમ આ મનુષ્ય અસંખ્ય મનુષ્યોની વચમાં રહી, બધા ઉપર તેજ પાડી તેમનાં ભાવી ફેરવે છે. તેણે પોતાની જુવાનીમાં જે મનોરથ સૃષ્ટિ રચી હતી, તેનો અનુભવ તેણે લીધો. પોતે યોજેલું ચિત્ર પોતે બનવા પામ્યો ખરો.

જુવાન વાંચનાર, તમે મણ તમારા હૃદયમાં નિરર્થક નહોય

તેવી મનોરથ સૃષ્ટિ, ભલે તે ખરાબ અથવા સુંદર હોય, અથવા તેમાં બેઉનું મિશ્રણ હોય, તેવી સૃષ્ટિ ભોગવવા પામશો ખરા કારણ ગુપ્ત રીતે તમે જે વસ્તુને મેળવવા ચાહો છો, તે વસ્તુ તરફ તમે ખેંચાવાના. તમારા પોતાના વિચારોના વાસ્તવિક ફળ તમને મળવાના. જેનો સોદો કરશો, તે તમને મળશે. તેમાં કાંઇ વધતું ઓછું થવાનું નથી. હાલના સંજોગો તમારા ગમે તેવા હશે, તોપણ તમારા વિચાર, તમારી મનોરથ સૃષ્ટિ, તમારા ચિત્રો, ઉચ્ચ યા નિચ હશે, તેને અનુસરી તમે ઉંચે ચઢશો, અથવા જેવા છો તેવા જ રહેશો અથવા અધમ બનશો, એની ખાત્રી રાખવી. તમે તૃષ્ણાના અંકુશ હેઠળ રહેશો, તો તે ધોરણે તમે ઉતરતી પંક્તિના થશો, અને જબરી મહાત્વાકાંક્ષા, ઉચ્ચ ભાવના રાખશો, તો તેના પ્રમાણમાં તમે મોટા થશો. **સ્ટેનટન કક હાય ડેવીસના** શબ્દોમાં કહીએ તો—"ભલે તમારૂં નામું લખવાનું કામ ચાલુ હોય, તેટલામાં જે મકાનને હાલ સુધી તમારા ધંધાના આશયની હદ સમજતા હતા, તે મકાનના દ્વારમાંથી તમે તમારૂં નામું લખવાની કલમ તમારા કાન ઉપર રહી ગઇહશે, તમારા આંગળાં ઉપર સાહીના ડાઘ રહ્યા હશે, એવી સ્થિતિમાં બહાર નીકળી જઈ, શ્રોતા-મંડળ સમક્ષ ઉભા રહેશો, અને તેજ વખતે ઇશ્વર પ્રેરીત જ્ઞાનનો પ્રવાહ તમે વ્હેવરાવવા મંડી જશો. ભલેને તમે ઘેટાં ચરાવતા હો તોપણ ગામડીઆની માફક ખુલ્લું મ્હોં રાખી ભટકતા ભટકતા બ્રહ્મપુરીમાં ચાલ્યા જશો-જીવાત્માના નિર્ભય આશ્રય હેઠળ (આત્મા) ગુરૂજીના ખોરડામાં દાખલ થશો એટલે ભીતરમાંથી એવો નાદ સંભળાશે કે—"હવે મારે તને શિખવવાનું કાંઇ રહ્યું નથી. તમે, જેણે ઘેટાં ચારતાં ચારતાં ઉચ્ચ વિષયો બાબત થોડા વખત પહેલાં મનોરથ સૃષ્ટિના વિચાર ચલાવ્યા હતા, તે તમે પૂર્ણ રીતે લાયક થયા છો.

દુનિયાનો ઉદ્ધાર કરવા માટે તમારો ધંધો બાજુ ઉપર મૂકી દો.”

અવિચારી, અજ્ઞાન અને આળસુ મનુષ્યો વસ્તુઓને તેમના ખરા રૂપમાં નહીં જોતાં, તેમના બાહ્ય પરિણામ ઉપર જ વિચાર કરી નસીબ, ભાગ્ય અને દૈવયોગની વાતો કરે છે. એકાદ મનુષ્યને પૈસાદાર જોઇ તેઓ કહે છે કે–“ આ કેવો નસીબવાન છે ?” બીજાને બુદ્ધિશાળી જોઇ તેઓ બોલી ઉઠે છે કે “ આના ઉપર ભાગ્યદેવીની કેટલી બધી કૃપા છે ?” અને ત્રીજાને સાધુના રૂપમાં ભારે માન મળતું જોઇ તેઓ ટીકા કરે છે કે “આને દરેક વેળા દૈવયોગ કેવો ફળીભુત થાય છે ?” તેવું અનુભવી જ્ઞાન મેળવવા ખાતર કેટલી કેટલી કસોટીઓ, નિષ્ફળતા અને માથાકુટ તેમણે ખુશીથી સહન કર્યા હશે, તે વિશે તેઓ કાંઇ વિચાર કરતા નથી. પોતાના મનમાં ઉભી કરેલી મનોરથ સૃષ્ટિ જે બાહ્ય દ્રષ્ટિથી દુર્જય હતી, તેને જીતવા તથા પ્રાપ્ત કરવા માટે કેટલા કેટલા ભોગ તેમણે આપ્યા, કેટલા કેટલા હીંમત ભર્યા પ્રયાસો તેમણે આદર્યા હતા, તથા કેટલી શ્રદ્ધા તેમણે દર્શાવી હતી, તેનું આવા લોકોને જ્ઞાન હોતું નથી. તેઓ તેના દુ:ખની (કાળી) બાજુ તથા હૃદય પીડા ન જોતાં સુખની (ઉજળી) બાજુ અને આનંદ જોઇ તેને “ નસીબ ” કહે છે. કેટલા લાંબા વખત સુધી વિકટ કાળ ગાળ્યો તે નહીં જોતાં, ફક્ત સુખની ભૂમિ ઉપર વિચાર ચલાવી બીજાને “ સારૂં ભાગ્ય ” કહે છે, કઇ રીતે તેણે કામ આદર્યું તે નહીં સમજતાં તેનું પરિણામ જોઇ, ત્રીજાને “ દૈવયોગ” કહે છે.

મનુષ્યોના દરેક કાર્યમાં પ્રયત્નો કરવાના હોય છે, એટલે તેના પરિણામ આવે છે. પ્રયત્નનું જેટલું બળ, તે પ્રમાણમાં પરિણામનું માપ હોય છે. દૈવયોગ છે જ નહીં. “ કુદરતી બક્ષીસ ” ઐશ્વર્ય અને સ્થૂળ બુદ્ધિ વિષયક તથા અધ્યાત્મિક જાગીરો, એ બધાં, પ્-

યત્નોના પરિણામ હોય છે. પૂર્ણ વિચારના કાર્ય પાર પાડવાનાં તથા માનસિક વિચાર ખરા પડયાનાં તે પરિણામ હોય છે.

જેવી મનોરથ સૃષ્ટિને તમે તમારા મનમાં પ્રથમ પદ આપશો, તમારા હૃદયમાં જે ચિત્રને શ્રેષ્ઠ સ્થાન આપી તેને લક્ષબિંદુ ઠરાવશો, તેનાથી જ તમે તમારૂં જીવન ઘડશો એટલે તેવા તમે થશો એ નક્કી સમજજો.

નિર્મળ મન.

મનની શાંતિ, એ વિવેકનો શણગાર છે. આત્મસંયમ કરવામાં લાંબો વખત ધૈર્ય રાખી પ્રયત્ન કરવાથી તે ફળ મળે છે. તે ફળ, પુખ્ત અનુભવ થયાનું, તથા પુખ્ત વિચારના નિયમ અને ક્રિયાના સામાન્ય જ્ઞાન કરતાં વધુ જ્ઞાન મળ્યાનું, ચિન્હ છે.

મનુષ્ય પોતાને જેટલે દરજ્જે પોતાના વિચારોના પરિણામ રૂપે (એટલે વિચાર એ કારણ છે અને પોતે તે વિચારનું કાર્ય છે એમ) માને છે તેટલે દરજ્જે તેને શાંતિ મળે છે; કારણ આવા પ્રકારના જ્ઞાનથી બીજાઓને વિચારના કાર્ય રૂપે તે જુવે છે, અને જેમ જેમ આવા પ્રકારનું સત્ય જ્ઞાન તે ખીલવતો જાય છે, અને વસ્તુઓના સંબંધનું ગુહ્ય જ્ઞાન, કારણ અને કાર્યના સંબંધથી વધુ અને વધુ સ્પષ્ટપણે જોતો જાય છે, તેમ તેમ તે નકામી ધામધુમ કરતો, ગુસ્સે થતો, ચ્હીડવાતો તથા શોક કરતો અટકે છે, અને પોતે સમતોલ, દ્રઢ અને શાંત રહે છે.

પોતાના મન ઉપર કેવી રીતે કાબુ રાખવો, તે શાંતિવાળો મનુષ્ય સમજેલો હોવાથી, બીજાની સાથે મેલાપી કેવી રીતે થવું તે તે જાણે છે. તેથી તે બીજા લોકો પોતાની ફરજ સમજી તેની આધ્યાત્મિક શક્તિને માન આપે છે. અને તેઓ તેની પાસેથી કાંઇ ઉપદેશ મેળવી શકશે, તથા

તેના પર શ્રદ્ધા રાખી શકશે, એમ તેમને લાગે છે. મનુષ્ય જેમ વધુ શાંત તેમ તેની સિદ્ધિનું ફળ મોટું, વક્કર વધારે અને પરોપકાર માટે તેની દિવ્ય શક્તિ મહાન વધુ હોય છે. એક સામાન્ય વેપારી પણ પોતાના ધંધામાં આત્મસંયમ અને ઠરેલપણાથી ફતેહ મેળવે છે; કારણ ઠરેલ અને શાંત સ્વભાવના મનુષ્યો સાથે કામ પાડવાનું લોકો હમેશાં પસંદ કરે છે.

દૃઢ અને શાંત મનુષ્યને હમેશાં બધા લોકો ચાહે છે, અને માન આપે છે. તે મનુષ્ય સુકા પ્રદેશમાં શીતળ છાયા આપતા ઝાડ જેવો, અથવા વાવાઝોડા વખતે રક્ષણ આપતા ખડક જેવો, પ્રીય લાગે છે. શાંત હૃદયવાળા, મધુર સ્વભાવવાળા, શાંત જીવન ગાળનારને કોણ ચ્હાતું નથી? આવા પુન્યાત્માને તડકો યા છાંયડો એટલે સુખ યા દુઃખ આવો, અથવા તેને ગમે તેવાં સંજોગોમાં રહેવાનું થાય, તોપણ તેની પરવા તેને હોતી નથી. તેને મન નરો વા કુંજરો વા જેવું છે, કારણ તે હમેશ મધૂર, નિર્મળ અને શાંત હોય છે. ઉત્તમ પ્રકારનું સ્વસ્થપણું જેને આપણે મનની નિર્મળતા કહીએ છીએ તે માનસિક ખીલવણીનું છેલ્લું પગથીઉં છે; તે ભરજોબનમાં આવેલા જીવાત્માનું પ્રિય સંતાન છે. તે વિવેક જેવું મોંઘું છે. સોના કરતાં, રે! ચોખ્ખા સોના કરતાં વધુ ઇચ્છવા લાયક છે. મહાસાગરના મોજાંના તળીયે જ્યાં વરસાદ વાવાઝોડાના તોફાનો પહોંચી શકતા નથી, અને અખંડ શાંતિ હોય છે, તેવા અખંડ શાંતિવાળા આત્મસ્વરૂપમાં જે મનુષ્ય રમી રહ્યો હોય તેવો નિર્મળ મનુષ્ય, તથા બીજો જે મનુષ્ય પૈસા મેળવવા પાછળ ભૂત થતો હોય તે બેઉનો મુકાબલો લેતાં તે બીજો મનુષ્ય કેવો તુચ્છ લાગે છે?

જે મનુષ્યો પોતાનાં જીવન નિષ્ઠુર કરે છે, જેઓ પોતાનામાં જે મધુરતા અને સૌંદર્ય હોય, તે સઘળાનો ક્રોધથી નાશ કરે છે, જેઓ પોતાની આબરૂનો ભાર વક્કર ખોઇ બેસે છે, અને લોહી બગાડે છે,

એવા કેટલા બધા મનુષ્યોને આપણે ઓળખીએ છીએ ? મનુષ્ય જાતીનો મોટો ભાગ આત્મ-સંયમની ખામીને લીધે પોતાના જીવતરનો નાશ કરે છે, અને પોતાના સુખમાં ખલેલ આણે છે. જેમણે ઠરેલપણું મેળવ્યું હોય, સકળગુણ-સંપન્ન મનુષ્યમાં જે સુંદર શાંતિ હોય, તેવી શાંતિવાળા મનુષ્યો આપણી દૃષ્ટીએ ઘણા જુજ આવે છે.

અલબત મનુષ્ય જાતી ઉછૃંકળ વિકારોમાં મસ્ગુલ થઇ રહી છે, અપાર શોકમાં ડુબી ગઈ છે, અને ચિંતા તથા શંકા વિશંકામાં ગોથાં ખાયા કરે છે, જે વિવેકી મનુષ્યે પોતાના વિચાર ઉપર આત્મ-સંયમથી કાબુ મેળવી તેને ભક્તિ-પરાયણ કર્યા છે, તે જ એકલો જીવની ઉપાધિઓને પોતાને વશ વર્તી ચલાવી શકે છે.

તોફાનના ચકડોળે ચહડેલા મારા પ્રાણબંધુઓ, તમે ગમે ત્યાં હશો, ગમે તેવું જીવન તમે ગાળતા હશો તોપણ એટલું તો જાણજો કે-આ ભવસાગરમાં સુખનો સભામંડપ રમણિય છે, અને તમારા રચેલા મનોરથ સૃષ્ટિવાળા ચિત્રનો આનંદી કિનારો તમારી આવવાની રાહ જોયા કરે છે; માટે વિચાર રૂપી સુકાન ઉપર તમારો હાથ સજજડ રાખજો. તમારા હૃદય કમળમાં **પરમાત્મા** આરામ લે છે. તે આંખો મીચી ફક્ત પડી રહ્યો છે, તેને જાગૃત કરો. તે માટે **આત્મ-સંયમ** એ બળ છે, **સત્ય વિચાર** એ બુદ્ધિબળ છે **શાંતિ** એ ઐશ્વર્ય છે, એ લક્ષમાં રાખી, નીચ વિચાર અને દુષ્કર્મો કરી, દુઃખ દરીઆ સંસારમાં તણાયા નહીં જતાં, ઉચ્ચ વિચાર અને સત્કાર્યો કરી, ભવસાગર તરી જાઓ અને શાંતિ ભોગવો.

ૐ **શાંતિઃ શાંતિઃ શાંતિઃ** એવી વાણી તમારા હૃદયમાં નિરંતર ઉચ્ચારતા રહો.

વાંચી મનન કરવા જેવું એક ઉત્તમ

પુસ્તક.

સ્વર્ગસ્થ દિ. બ.—

અંબાલાલ સાકરલાલ દેસાઈના

ભાષણો અને લેખોનો

અમૂલ્ય સંગ્રહ, તેમની છબી સાથે.

પ્રજાબંધુ પ્રી. વ.—ખાડીયા, જેઠાભાઇની પોળ, અમદાવાદ.

કેટલાક અભિપ્રાયો.

* * * એ પુસ્તક પ્રસિદ્ધ કરીને * * * ગુર્જર પ્રજાને મનન કરવા અને અનુકરણ જોગ મોટું સાધન આપીને દેશ સેવા બજાવી છે. * * *

રા. બા. રાજ્યરત્ન હરગોવિંદદાસ
દ્વારકાદાસ કાંટાવાળા.
તા. ૨૬-૧૨-૧૮

દિવાન બહાદુરનું નામ આખા ગુજરાતમાં મશહૂર છે. એમના રાજકીય સાંસારિક, ઔદ્યોગિક, કેળવણી વિષયક, અને સાહિત્ય વિષયક વિચારો પાકટ અને ઠરેલ તેમજ અનુભવ સિદ્ધ છે......... આવા વયોવૃદ્ધ અને જ્ઞાન વૃદ્ધ તથા નિષ્કલંક ચારિત્ર્યવાન્ પુરૂષના લેખો અને ભાષણો એકઠાં કરી વાચકવર્ગ સમક્ષ મૂકી તમે......... ગુજરાતી સાહિત્યની કીમતી સેવા બજાવી છે. પુસ્તક ઘણાઓને અનેક રીતે માર્ગ દર્શક થશે એમાં સંશય નથી.

રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.
તા. ૩-૧-૧૯.

---

* * * પુસ્તકની રચના સંતોષકારક છે; અને જો કે અમારો આટલો ગાઢો સંબંધ હતો તો પણ હું જોઉં છું કે ઘણાંક ભાષણો તથા લેખો મને બીલકુલ નવાજ છે. એ વાંચવાથી મને ઘણો હર્ષ થવાનો જ

શેઠ જમશેદજી અરદેશર દલાલ.
એમ. એ. એલ. એલ. બી.
તા. ૪-૧-૧૯.

દિ. બ. અંબાલાલભાઇનું નામ ગુજરાતને એટલું બધું પરિચિત છે, તેમનું કાર્ય એટલું બધું તાજું અને પ્રસિદ્ધ છે અને તેમના ચારિત્ર્યની છાપ અને અસર એટલા ઉંડા પડેલા છે કે સૌ કોઇ તેમને ગુજરાતના જ નહિ પણ બલ્કે સમસ્ત દેશની એક મહાન વિભૂતિ તરીકે પૂજે છે; અને આવી એક પ્રતિભાવાળી વ્યક્તિના લેખો અને ભાષણોનો સંગ્રહ આપણને મળવો એ ખરેખર આપણા સદ્ભાગ્યનું ચિન્હ લેખાવું જોઇએ. * * *

બુદ્ધિપ્રકાશ, જાન્યુ. ૧૯૧૪.

---

* * * આ ૬૦૦ પાનાના વિસ્તૃત દળદાર ગ્રંથમાં સ્વ. અંબાલાલભાઇનાં ધાર્મિક, સામાજીક, રાજકીય, ઔદ્યોગિક, સાહિત્ય જુદે જુદે પ્રસંગે ને જુદે જુદે સ્થળે આપેલાં તે) યોગ્ય ગોઠવણીથી અને સંપૂર્ણ મહેનત લઇને ઉતારેલાં છે અને અમને ખાત્રી છે કે ગુજરાતી સાહિત્યમાં હમેશને માટે તે સ્થાન લેશે. પુસ્તકના પ્રારંભમાં પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરે લખેલો ઉપોદ્ઘાત પણ એટલોજ આદરને પાત્ર હોઇ માનનીય છે. * * * સ્વ. અંબાલાલભાઇનાં ઉમદા ચારિત્ર પ્રત્યે માન અને ભક્તિની નજરથી જોઈ અમે તેમની શુદ્ધ ચારિત્રની પ્રતિકૃતિ રૂપ આ પુસ્તકને સહર્ષ વધાવી લઇએ છીએ.

ગુજરાતી પંચ. ૧૬-૨-૧૯.

---

* * * The Book itself is worth its weight in gold * * *

Mr. Motibhai N. Amin,

18-2-19.

The speeches & writings.........both Eng & Gujarati, by their fearless tone, logic & a mens, straight talk & study independence giv vivid picture of Ambalalbhai as he was in f & blood. There was great need to preserve book from the public utternaces of one who a valuable assest of our province & Mr. Thak deserves our thanks for having done so.

(*The Modern Review, March* 2.

---

* * * રાજકીય, સામાજીક, આર્થિક, અને ઐાદ્યિક વિષયનો અભ્યાસ કરનારાને આ પુસ્તક બહુ ઉપયોગી અને માર્ગદર્શક થઈ પડે એવું છે. ગુજરાતની દરેક જાહેર લાયબ્રેરીઓમાં તેમજ સુશિક્ષિત કુટુંબોમાં આ પુસ્તકનો સંગ્રહ આવશ્યક છે. ગુજરાતી સાહિત્યમાં પ્રસ્તુત પુસ્તક આવશ્ય ઉંચું સ્થાન ભોગવશે.

* * *

(**ચિત્રમય જગત.** ઑગસ્ટ ૧૯૧૯)